RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૨    શુક્રવાર તા.૧૪-૦૮-૨૦૨૬    અંક : ૩૩૯ વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# સંસદનું ચોમાસુ સત્ર પૂર્ણ, લોકસભામાં ૧૨ બિલ પસાર

## સત્રના છેલ્લા દિવસે શાસક પક્ષ અને વિપક્ષે હોબાળો ચાલુ રાખ્યો, અને કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી

નવીદિલ્હી,

સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે, શાસક પક્ષ અને વિપક્ષે હોબાળો ચાલુ રાખ્યો, અને કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી. આજે લોકસભામાં કોઈ કામ થયું નહીં, અને ગૃહમાં પ્રવેશતા જ, સ્પીકરે સભ્યોને રાષ્ટ્રગીત, વંદે માતરમના સન્માનમાં ઉભા રહેવાની અપીલ કરી. ત્યારબાદ, લોકસભામાં વંદે માતરમ ગાવામાં આવ્યું, અને ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યું.



લોકસભા સ્થગિત થયા પછી પણ, વિપક્ષનો વિરોધ ચાલુ રહ્યો. સમાજવાદી પાર્ટીના સાંસદોએ રામ મંદિર માટે દાનની કથિત ચોરીના મુદ્દા પર સરકારને ઘેરી લીધી. સપા સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું કે તેમના પક્ષના વરિષ્ઠ સાંસદોએ કનોટ પ્લેસમાં હનુમાન મંદિરની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. હવે, ફક્ત ભગવાન હનુમાન જ ભગવાન રામ માટે દાનની રક્ષા કરી શકશે.કોંગ્રેસના સાંસદ તારિક અનવરે કહ્યું, "સરકાર કામ કરવામાં નિષ્ફળ ગઈ. ગૃહ ત્યારે જ કાર્ય કરે છે જ્યારે શાસક પક્ષ અને વિપક્ષ વાટાઘાટો કરે છે અને કાર્ય કરવાનો માર્ગ શોધે છે. પરંતુ સરકારે પોતાની જીદ છોડી ન હતી, અને વડા પ્રધાન અને ગૃહમંત્રી સમગ્ર સત્ર દરમિયાન ગૃહમાં હાજર રહ્યા ન હતા. આ શું સૂચવે છે? તે દર્શાવે છે કે ગૃહ તેમના માટે કોઈ મહત્વ રાખતું નથી, અને તેથી, તેઓ સતત તેની અવગણના કરતા રહ્યા."

રાજ્યસભામાં પણ વિપક્ષ તરફથી હોબાળો જોવા મળ્યો. જોકે, વિપક્ષના હોબાળા છતાં, સરકારે ગૃહમાં ખાણ અને ખનીજ સુધારા બિલ પસાર કર્યું.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે તેઓ ગઈકાલે હલ્દવાની ગયા હતા, જ્યાં તેમણે જાહેર સભાને સંબોધિત કરી હતી. આજે ભાજપના નેતાઓએ શુદ્ધિકરણ વિધિ કરી હતી. ખડગેએ કહ્યું હતું કે આ લોકશાહી અને દેશ માટે સારું નથી. તેમણે ચેતવણી આપી હતી કે આનાથી વિભાજન થશે. આ મુદ્દે આજે રાજ્યસભામાં ઘણો હોબાળો થયો હતો.ચોમાસુ સત્રમાં જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી, રામ મંદિર માટે દાનની ચોરી, દ્ઈઈ પેપર લીક અને ગૃહમાં અમિત શાહની ગેરહાજરી જેવા મુદ્દાઓ પર ભારે હોબાળો થયો હતો. ચોમાસુ સત્ર દરમિયાન રાજ્યસભાએ કુલ ૩૭ કલાક અને ૪૯ મિનિટ કામ કર્યું.




## દિલ્હી એક અભેદ્ય કિલ્લામાં રૂપાંતરિત: રાજધાનીમાં સુરક્ષા કડક, દરેક ખૂણે પોલીસ

નવીદિલ્હી,

૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા આજે, ૧૩ ઓગસ્ટના રોજ, ફુલ ડ્રેસ રિહર્સલ કરવામાં આવ્યું. આ રિહર્સલને કારણે, દિલ્હીના અનેક વિસ્તારોમાં ટ્રાફિક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.

આખી દિલ્હી એક કિલ્લામાં ફેરવાઈ ગઈ છે. વિવિધ સ્થળોએ બેરિકેડ લગાવવામાં આવ્યા છે, અને પોલીસ કર્મચારીઓ તૈનાત છે. આયા નગર સરહદ પર વાહનોનું સંપૂર્ણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. પોલીસનો ધ્યેય શાંતિપૂર્ણ અને સલામત ઉજવણી સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રતિબંધોનો મુખ્ય હેતુ ઉજવણી દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવાનો છે.

## ખડગેએ ગૃહમાં હલ્દવાનીમાં શુદ્ધિકરણનો મુદ્દો ઉઠાવ્યો, આ દુ:ખની વાત છે અમે તપાસ કરીશું: નડ્ડા

### મારા ભાષણ પછી, ભાજપના સભ્યોએ મંચને 'શુદ્ધિકરણ' કરવા માટે હવન કર્યું. શું લોકશાહીમાં આવું થાય છે?: ખડગે

નવીદિલ્હી,

આજે સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે. રાજ્યસભામાં વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉત્તરાખંડના હલ્દવાનીમાં તેમના ભાષણ પછી થયેલા શુદ્ધિકરણ સમારોહનો મુદ્દો ઉઠાવ્યો. ભાજપના જેપી નડ્ડાએ ખડગેના શુદ્ધિકરણના આરોપોનો જવાબ આપ્યો.


રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, "હું હલ્દવાનીમાં હતો, જ્યાં મેં રામલીલા મેદાનમાં જાહેર સભાને સંબોધિત કરી હતી. ત્યાં લાખો લોકો હાજર હતા. તે સમયે, મેં કોઈ સમુદાય કે ધર્મનું નામ લીધું ન હતું. મેં ફક્ત સરકારને લગતા મુદ્દાઓનો પુનરાવર્તન કર્યું. પરંતુ મારા ભાષણ પછી, ભાજપના સભ્યોએ મંચને 'શુદ્ધિકરણ' કરવા માટે હવન કર્યું. શું લોકશાહીમાં આવું થાય છે? તમે બંધારણનું રક્ષણ કેવી રીતે કરી રહ્યા છો? હું વિપક્ષનો નેતા છું."












# દેશભક્તિનાં રંગે રંગાયુ સૌરાષ્ટ્ર

## રાજકોટમાં તિરંગા યાત્રામાં ૨૦૦૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા

### મેયર ડો. નેહલ શુકલે લોકોને પોતાનો કચરો આડેધડ નહીં ફેકવાનાં શપથ લેવડાવ્યા: ૧ કિલોમીટરના રૂટ પર ૯ જેટલા વિશેષ સ્ટેજ, સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં સજ્જ પાત્રો આકર્ષણનું કેન્દ્ર બન્યા









તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે આજરોજ સવારે ૦૯:૦૦ કલાકે બહુમાળી ભવન ચોક ખાતે “તિરંગા યાત્રા ભવ્ય પ્રારંભ થયો હતો.

.આ તિરંગા યાત્રા બહુમાળી ભવન ચોકથી પ્રસ્થાન કરી જયુબિલી ગાર્ડન ખાતે પૂજય મહાત્મા ગાંધીજીની પ્રતિમા સુધી યોજાઈ હતી. જેમાં ૨૦૦૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા. રાજકોટ રેન્જ IG નિર્લિપ્ત રાય, પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, DDO ચૈતન્ય માંડલિક, કલેકટર ઓમ પ્રકાશ, મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્તપલ જોશી ઉપસ્થિત રહ્યા હતા.રાજકીય અગ્રણીઓમાં પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી, ભાનુબેન બાબરીયા, ગોવિંદ પટેલ અને રાજયસભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા જ હાજર રહ્યા હતા. તેમજ પાંચ પૂર્વ મેયર એકસાથે બેઠેલા જોવા મળ્યા હતા. આ તકે સ્ટેજ પરથી મેયર ડો. નેહલ શુકલે લોકોને પોતાનો કચરો આડેધડ નહીં ફેકવાનાં શપથ લેવડાવ્યા હતા. આ તિરંગા યાત્રામાં શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, NCC કેડેટ્સ, NSSના વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાજિક સંસ્થાઓ જોડાતાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. ૧ કિલોમીટરના રૂટ પર ૯ જેટલા વિશેષ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા હતા, તિરંગા યાત્રામાં કલાકારો દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ, ક્લાસિકલ નૃત્ય, ગણેશ વંદના, મિશ્ર રાસ, હુડો રાસ, ડાંગી નૃત્ય, કઠપૂતળી અને રાજસ્થાની નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં સજ્જ પાત્રો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

### સ્વાતંત્ર્ય સેનાનીની વેશભૂષામાં સજ્જ પાત્રો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા

વધુમાં તેમણે જણાવ્યું કે, આ તિરંગા યાત્રામાં શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, NCC કેડેટ્સ, NSSના વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાજિક સંસ્થાઓ જોડાતાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. ૧ કિલોમીટરના રૂટ પર ૯ જેટલા વિશેષ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા હતા, તિરંગા યાત્રામાં કલાકારો દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ, ક્લાસિકલ નૃત્ય, ગણેશ વંદના, મિશ્ર રાસ, હુડો રાસ, ડાંગી નૃત્ય, કઠપૂતળી અને રાજસ્થાની નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં સજ્જ પાત્રો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. યાત્રા દરમિયાન ઝીણો કચરો પણ થાય નહીં તે પ્રકારનું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.

### અમુક નેતા ફોટોસેશન કરી કારમાં બેસી યાત્રાના પુર્ણાહતિ સ્થળે રવાના થઇ ગયા

સફાઇ અભિયાન હોય કે પછી કોઇ રાહત સામગ્રીનું વિતરણ હોય, નેતાઓ ફોટોસેશનમાં જ માનતા હોવાનું આજે રાષ્ટ્રીય પર્વની ઉજવણી જેવા ગરિમાપુર્ણ પ્રસંગમાં પણ જોવા મળ્યુ હતુ. મુખ્ય સ્ટેજ પરથી મેયર સહિતના મહાનુભાવોએ ત્રિરંગો ધ્વજ ફરકાવીને યાત્રાને લીલીઝંડી આપી હતી. એ પછી ડી.જે. પર વાગતા દેશભક્તિના ગીત અને ભારત માતાના જયઘોષ વચ્ચે યાત્રા આગળ ધપી. એ સમયે અમુક રાજકીય નેતાઓએ માત્ર ગણતરીના ડગલા ચાલી ફોટોસેશન કરાવ્યુ હતુ. કેમેરામાં આવ્યા બાદ આ રાજકીય મહાશયો કારમાં બેસ વાયા શેરી-ગલીમાં થઇને સીધા જ યાત્રાની પુર્ણાહુતિ સ્થળે પહોંચી ગયા હતા.

## ગોંડલમાં તિરંગા યાત્રા યોજાઇ



ગોંડલ :
ગણતંત્ર દિનને અનુલક્ષીને ગોંડલ નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રા નું આયોજન કરાયુ હતું. આ તિરંગાયાત્રા શહેરના સંગ્રામસિંહજી હાઇસ્કૂલ નાં મેદાન માંથી પ્રસ્થાન થઇ કોલેજચોક, સેન્ટ્રલ સિનેમા ચોક, ગુલમહોર રોડ, ભુવનેશ્વરી રોડ, શ્યામવાડી ચોક થઇ કોલેજચોક માં પરત ફરી હતી. તિરંગાયાત્રા માં પ્રમુખ પ્રતિનિધિ દિપકભાઈ ગોવાણી,ઉપપ્રમુખ મનિષભાઈ રૈયાણી,કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજા,સદસ્ય રુષિરાજસિંહ જાડેજા,સમીરભાઈ કોટડીયા, શહેર ભાજપ પ્રમુખ મોહિતભાઈ પાંભર, જેકીભાઈ પરમાર, ડીવાયએસપી કે .બી .ઝાલા , એ સઆરપી ડીવાયએસપી પરમાર, પીઆઇ ગઢવી સહીત જોડાયા હતા

## મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ અને ડીડીઓની હાજરીમાં તિરંગા યાત્રા યોજાઇ



મોરબી
૧૫ મી ઓગસ્ટને ધ્યાનમાં રાખીને ઠેર ઠેર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આજે મોરબી જિલ્લા પંચાયતના પટાંગણમાંથી જિલ્લા પંચાયતના પ્રમુખ અને ડીડીઓની હાજરીમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા પંચાયતના ચેરમેનો, ચૂંટાયેલા તમામ સભ્યો તથા જિલ્લા પંચાયતના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા અને મુખ્ય માર્ગ ઉપર થી તિરંગા યાત્રા પસાર થઈ ત્યારે ભારત માતા કી જય અને વંદે માતરમના નારાથી માર્ગ ગુંજી ઉઠ્યો હતો.

જેમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ વિપુલભાઈ ગરચર, મોરબી જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ મનીષભાઈ કાંજિયા સહિતના વિવિધ કમિટીઓમાં ચેરમેન તથા ચૂંટાયેલા સભ્યો તેમજ મોરબી જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓના અધ્યક્ષ તથા કર્મચારીઓ જોડાયા હતા.

## વેરાવળમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ ડો. આંબેડકર ગાર્ડનથી તિરંગા યાત્રા યોજાઈ

### કલેક્ટરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી તિરંગા યાત્રા સાથે વેરાવળ શહેર દેશભક્તિના રંગે રંગાયુ





મિતેશ પરમાર, વેરાવળ,
વર્ષોની ગુલામીની ઝંઝીરોમાંથી મળેલી મોંઘેરી આઝાદીના અવસરની સ્મૃતિને પુનઃજીવીત કરતાં ગીર સોમનાથ જિલ્લાના વડામથક એવા વેરાવળ ખાતે દેશભક્તિના રંગો વચ્ચે તિરંગાયાત્રા યોજાઈ હતી.

ડૉ.આંબેડકર ગાર્ડનથી યોજાયેલી આ યાત્રામાં દેશની આઝાદી કાજે ફના થનાર અનેક સ્વાતંત્ર્યવીરોના ત્યાગ, બલીદાન અને શહાદતને તેમની વેશભૂષાઓની ઝાંખી દ્વારા યાદ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં મેરી જાન તિરંગા હૈ, મેરી શાન તિરંગા હૈ,મેરી જાન, મેરી શાન...

હિંદોસ્તાન;,;ભારત માતા કી જય ના ગગનભેદી નારાઓ વચ્ચે દેશભક્તિનો માહોલ છવાયો હતો.

ડૉ.આંબેડકર પાર્કથી શરૂ થયેલી આ તિરંગા યાત્રા સટ્ટાબજાર, સ્વામિનારાયણ મંદિર, સુભાષ રોડ, મહાત્મા ગાંધી રોડ, શાકમાર્કેટ થઈ પરત ટાવરચોક ખાતે સંપન્ન થઈ હતી. આ તિરંગા યાત્રામાં સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી, ડૉ.બાબાસાહેબ આંબેડકર સહિતના મહાપુરુષો અને સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા ધારણ કરનાર ભૂલકાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

દેશભક્તિના માહોલ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં આદિત્ય બિરલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને સેન્ટ મેરી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ દેશભક્તિસભર બેન્ડની સૂરાવલીઓ ગુંજાવી હતી. આ કાર્યક્રમમાં વંદે માતરમનું સમૂહગાન કરવામાં આવ્યું હતું અને સેલ્ફી પોઈન્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. આઝાદીની લડતમાં શહીદ થયેલા જવાનો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કરતા યોજાયેલી આ તિરંગા યાત્રામાં વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી નરેશભાઈ ગોહેલ, ચેરમેન શ્રી ઉદયભાઈ શાહ, અગ્રણી સવશ્રી ઝવેરીભાઈ ઠકરાર, ડૉ સંજયભાઈ પરમાર સહિતના જનપ્રતિનિધિશ્રીઓ, જિલ્લા પોલીસવડા શ્રી જયદિપસિંહ જાડેજા સહિતના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, વિવિધ સમુદાયના સંગઠનો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયાં

## વીરપુરમાં હર ઘર તિરંગા અંતર્ગત એક કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાઈ

### જયેશભાઈ રાદડીયાએ કરાવ્યું તિરંગા યાત્રાનું પ્રસ્થાન: વિદ્યાર્થીઓ, શિક્ષકો, નાગરિકો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા; દેશભક્તિના નારાઓથી યાત્રાધામ વીરપુર ગુંજી ઉઠ્યું



વીરપુર
સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વીરપુરમાં આશરે એક કિલોમીટર લાંબી ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, નાગરિકો તથા શહેરના આગેવાનો મોટી સંખ્યામાં જોડાઈ રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરી હતી. વીરપુરના જલારામજી વિદ્યાલય ખાતેથી તિરંગા યાત્રાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. યાત્રાના પ્રારંભ પૂર્વે રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા દ્વારા તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. વીરપુરના રસ્તામાર્ગો અને મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ આશરે એક કિલોમીટર લાંબી યાત્રામાં શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, નાગરિકો અને આગેવાનો ઉત્સાહભેર જોડાયા હતા. હાથમાં તિરંગો લઈને મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાતા સમગ્ર વીરપુર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, અહલ્યાબાઈ હોલકર તથા ભારત માતાની વેશભૂષા ધારણ કરીને દેશપ્રેમ, નારીશક્તિ અને શૌર્યનો સંદેશ આપ્યો હતો. યાત્રા દરમિયાન ભારત માતા કી જય, વંદે માતરમ અને જય જવાન, જય કિસાન સહિતના દેશભક્તિના નારાઓથી સમગ્ર વીરપુર ગુંજી ઉઠ્યું હતું. તિરંગા સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ અને નાગરિકોના ઉત્સાહથી સ્વતંત્રતા પર્વ પૂર્વે વીરપુરમાં રાષ્ટ્રપ્રેમની અનોખી લાગણી જોવા મળી હતી.

## તિરંગા દ્વારા દેશના શહીદો અને ક્રાંતિકારીઓને સાચી ભાવાંજલિ: રાષ્ટ્રીય પર્વમાં જોડાવવા રાજુભાઈ ધ્રુવનું આહ્વાન

રાજકોટ,
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી ’હર ઘર તિરંગા’ અભિયાન હવે માત્ર એક સરકારી કાર્યક્રમ પૂરતું સીમિત ન રહેતા સમગ્ર દેશનો સામાજિક અને રાષ્ટ્રીય ઉત્સવ બની ગયું છે. આ અંગે વાત કરતા ભાજપના આગેવાન રાજુભાઈ ધ્રુવે જણાવ્યું છે તિરંગાયાત્રા ખરા અર્થમાં દેશની એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવાની દૂરંદેશીભર્યું દ્રષ્ટિબિંદુ ધરાવે છે. આ અભિયાન દેશના પ્રત્યેક નાગરિકના હૃદયમાં દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાની અનોખી પ્રેરણા આપે છે.

હવે ભારતના આ રાષ્ટ્રીય તહેવારોમાં લોકો ઉમંગથી ભાગ લે છે. લોકો માટે આ હવે ફક્ત રજાનો દિવસ નથી, પરંતુ શહીદોને યાદ કરવાનો દિવસ બની ગયો છે અને આ બાબત વડાપ્રધાનની પ્રેરણાથી લોકોના હૃદયમાં ઊંડે સુધી બેસી ગઈ છે. આજે આબાલવૃદ્ધ સૌ કોઈ રાષ્ટ્રધ્વજ સાથે જોડાઈને તેને એક પારિવારિક ઉત્સવ તરીકે ઉજવી રહ્યા છે. દેશના કરોડો ઘરો પર લહેરાતો તિરંગો લોકોના હૃદયમાં જાગેલી અખૂટ રાષ્ટ્રભાવનાનું પ્રતીક છે.

પવનમાં લહેરાતો તિરંગો દેશના શહીદો, ક્રાંતિકારીઓ, આઝાદીના લડવૈયાઓ અને સત્યાગ્રહીઓને અપાતી સાચી ભાવાંજલિ છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ’તારે ક્યારે કંઈક દુભારે, દિલના શોષિત પાયા... ઝંડા અજર, અમર રહેજે’ ગીતના શબ્દો આજે સમગ્ર દેશમાં ગુંજી રહ્યા છે

## જૂનાગઢ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનનો કાર્યક્રમ માળીયાહાટીના ખાતે યોજાશે

### ઉર્જા રાજય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ધ્વજવંદન સહિતના કાર્યક્રમો

જૂનાગઢ,
૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની જૂનાગઢ જિલ્લા કક્ષાની ઉજવણી સમસ્ત હાટી ક્ષત્રીય સમાજની બાજુમા,સાસણ રોડ, માળીયાહાટીના ખાતે કરવામાં આવશે. રાજયના ઉર્જા મંત્રી શ્રી અને જિલ્લાના સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ધ્વજવંદન સવારે ૯ કલાકે યોજાશે.

કાર્યક્રમમાં પોલીસ જવાનોની પરેડ, દેશભક્તિની ભાવનાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો, અને મંત્રીશ્રી ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની પ્રજાજનોને શુભકામનોઓ પાઠવશે તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વ્યક્તિઓનું સન્માન સહિતના કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૯ કલાકે થશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શહેર-જિલ્લાના નાગરિકોને સહભાગી થવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા રાજકોટ અને બહારગામની શાખાઓમાં ધ્વજવંદન યોજાશે

રાજકોટ,
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા તા. ૧૫ ઓગષ્ટને શનિવારે સવારે ૯ કલાકે સ્વાતંત્ર્ય પર્વ અવસરે રાજકોટમાં બેંકની હેડ ઓફિસ, ‘અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય’, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે અને બહારગામની દરેક શાખાઓમાં ધ્વજવંદન યોજાશે. રાજકોટમાં અતિથિ વિશેષ તરીકે શ્રી સુનિલભાઇ મહેતા (અખિલ ભારતીય બૌદ્ધિક પ્રમુખ-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી કિશોરભાઇ ખંભાયતા (ચેરમેનશ્રી-ડ્યુનેક્સ ગ્રુપ-રાજકોટ) ઉપસ્થિત રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમમાં સર્વે બોર્ડ ઓફ ડિરેકટર્સ, શાખા વિકાસ સમિતિના સદસ્યો, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો અને કર્મચારીગણને રાજકોટ ખાતે અથવા બહારગામમાં બેંકની નજીકની શાખામાં ઉપસ્થિત રહેવા બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠક અને વાઇસ ચેરમેન શ્રી જીવણભાઇ પટેલે હાર્દિક અનુરોધ કરેલો છે.

# શ્રાવણનો પ્રારંભ: હરહર મહાદેવના નાદ સાથે શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ

## અભિષેક, પૂજન-અર્ચન, શિવ મહિમ્ન સ્તોત્રના પાઠ સહિતના અનુષ્ઠાનોનો પ્રારંભ






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ
આજથી ભગવાન શિવને પ્રિય એવા એટલે કે શ્રાવણ માસની શરૂઆત થઈ ચૂકી છે. મહાદેવજીને શ્રાવણ માસ અતિ પ્રિય હોવાથી આ મહિનામાં કરેલી શિવજીની પૂજા, અર્ચના તથા આરાધના ઉત્તમ ફળ આપે છે. શ્રાવણ માસ હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને શુભ માનવામાં આવે છે. આ મહિનો ભગવાન શિવને સમર્પિત છે અને ભક્તો શિવજીની પૂજા, ઉપવાસ અને ભક્તિ કરીને આધ્યાત્મિક શાંતિ અને આશીર્વાદ મેળવે છે. શ્રાવણ માસ ભક્તોને આધ્યાત્મિક રીતે શિવજી સાથે જોડાવા અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવાની તક પૂરી પાડે છે. આ મહિનો ધાર્મિક ઉત્સાહ, ભક્તિ અને પવિત્રતાનો પ્રતીક છે.

શહેરના આશરે ૬૦૦ જેટલા શિવજીના મંદિરોમાં ભક્તો મહાદેવની આરાધનામાં લીન થયા છે. ભાવિકો શિવલિંગ અભિષેક, પૂજન અર્ચન, મહામૃત્યુંજય જાપ, મહાઆરતી સહિતના અનુષ્ઠાનો કરીને જીવને શિવમાં પરોવવાનો પુરૂષાર્થ કરશે. શિવાલયોને કલાત્મક સુશોભનો તથા પંચનાથ મહાદેવ મંદિરને રોશનીના શણગાર કરાયા છે. આજે સવારથી જ ભકતોની ભારે ભીડ મંદિરોમાં જોવા મળી રહી છે. રાજકોટના સુપ્રસિધ્ધ ગ્રામ્ય દેવતા રામનાથ મહાદેવ, પંચનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ, મહાકાલેશ્ર્વર મહાદેવ, ધારેશ્ર્વર મહાદેવ સહિતના શિવાલયોમાં ભકતોની ભીડ જોવા મળી રહી છે.

## મેઘરાજાની અમીવર્ષા સાથે સોમનાથમાં શ્રાવણનો શુભારંભ



મિતેશ પરમાર, વેરાવળ,
શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ માર્ગ પર પેગોડા ટેન્ટ લગાવી યાત્રીઓને વરસાદ સામે રક્ષણ આપવાની વ્યવસ્થા યાત્રીઓએ બિરદાવી પૂજા વિધિ કાઉન્ટરો, જૂતા ઘર, પ્રવેશ માટેની કેબિન અને ભીડ નિયંત્રિત કરવા સહિતના મામ પૂર્વ આયોજન સાથે માનવ મેદનીને ઉત્તમ આતિથ્ય આપવાની ટ્રસ્ટની નેમ શ્રાવણ ની પ્રથમ દિવસે વહેલી સવારે મેધરાજાએ અમીછાંટણા કરેલ. જેથી યાત્રિકો પણ ઝરમર વરસાદ મા ભીંજાતા વરસાદ નો આનંદ માણતા મહાદેવના જય ઘોષ સાથે દર્શન કરવામાં આવેલ શ્રાવણ ના પ્રથમ દિવસે વહેલી સવારે વરસાદ ને કારણે સોમનાથ મહાદેવને સ્વચ્છ જળથી અભિષેક થતા મંદિર ચોખ્ખું ચણક થતાં સુંદરતામાં વધારો થયેલ.

## સોમનાથ મંદિરે શ્રાવણને અનુલક્ષીને પોલીસનો લોખંડી બંદોબસ્ત

### એક હજારથી વધુ પોલીસ જવાનો ખડેપગે રહેશે



મિતેશ પરમાર, વેરાવળ,
ગુરૂવારથી શરૂ થયેલ શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મહાદેવ મંદિરે શિવભક્તોની સંભવિત ભીડને લઈને તંત્ર દ્વારા સુરક્ષા સહિતની તૈયારીને આખરી ઓપ અપાઈ ગયો છે.ગીર-સોમનાથ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઝેડ પ્લસ સુરક્ષાચક્ર ધરાવતા સોમનાથ મંદિરમાં ભારે ભીડ ઉમટી પડવાની શક્યતાને લઈને ૨ ડી.વાય.એસ.પી., ૧૬ પી.આઈ. સહિત ૪૫૦ પોલીસ જવાનોની ગીર-સોમનાથનાં જુદા-જુદા પોલીસ મથકોએથી ફાળવણી કરવામાં આવી છે, આ સહિત કુલ ૧૦૦૦થી વધુ સુરક્ષા કર્મચારીઓ ખડે પગે ફરજ બજાવશે.જેમાં ૨૫ પી.એસ.આઈ. ઉપરાંત હોમગાર્ડ, એસ.આર.ડી., ટી.આર.બી., એલ.સી.બી., એસ.ઓ.જી., ડ્રોન ટીમ, ક્યુઆર ટીમ, ડોગ સ્ક્વોડ, માઉન્ટેડ પાલીસ, હેન્ડ મેટલ ડિટેક્ટર, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર સહિતની સજ્જડ સુરક્ષા. વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્રિવેણી, ગોલોકધામથી વેણેશ્વર-ગૌશાળા રોડ તથા ગુડલક સર્કલ સુધી ગોઠવાયેલા બંદોબસ્તમાં ૧ પી.આઈ., ૬ પી.એસ.આઈ., ૧૪૩પાલીસ, ૧૧૪ જી.આર.ડી., ૩૦ હોમગાર્ડ., ૩૦ ટી.આર.બી અને ૪૩ એસ.આર.પી. સતત બંદોબસ્ત મા ગોઠવાયેલા છે.

## રાજકોટના વેપારી પાસેથી બિહારના ઠગે લીચીનો જથ્થો મોકલવાના બહાને રૂ. ૬.૭૧ લાખ પડાવ્યા

### નાનામવા રોડ વિસ્તારમાં ફ્રૂટની રેકડી ચલાવતા વેપારી સાથે ઓનલાઇન છેતરપિંડી

રાજકોટ,
રાજકોટના નાનામવા રોડ વિસ્તારમાં ફ્રૂટની રેકડી ચલાવતા એક વેપારી સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. બિહારના એક વેપારીએ લીચીનો જથ્થો મોકલવાના બહાને રાજકોટના વેપારી પાસેથી ૬.૭૧ લાખ રૂપિયા પડાવી લીધા હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. રાજકોટમાં નાના મવા રોડ પર ફ્રૂટનો હોલસેલ વેપાર કરતા કૌશરભાઈ મેતરની મુલાકાત થોડા સમય પહેલા હારૂનભાઈ નામના વ્યક્તિ સાથે થઈ હતી. વાતચીત દરમિયાન હારૂનભાઈએ પોતાના સાળા એમ.ડી. નઈમ આલમનો પરિચય કરાવ્યો હતો, જે બિહારના દરભંગા જિલ્લામાં લીચીનો હોલસેલ વેપાર કરતો હોવાનું જણાવાયું હતું. હારૂનભાઈના વિશ્વાસમાં આવીને કૌશરભાઈએ બિહારથી લીચી મંગાવવાનું નક્કી કર્યું હતું. બંને વચ્ચે એક પેટી લીચીના ૧૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા અને કુલ ૬૦૦ પેટી લીચીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. આ વેપારના વ્યવહાર માટે કૌશરભાઈએ બિહારના આ વેપારી પર ભરોસો મૂકીને માલ આવવાની રાહ જોવાનું શરૂ કર્યું હતું. ઓર્ડર આપ્યા બાદ એમ.ડી. નઈમ આલમની સૂચના મુજબ, કૌશરભાઈએ તેની એસ. બી. આઈ. બેંકના અલગ-અલગ ખાતાઓમાં ઓનલાઈન અને એટીએમ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવાનું શરૂ કર્યું હતું. મે ૨૦૨૫ થી લઈને ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન, વેપારીએ વિશ્વાસ રાખીને કટકે-કટકે કુલ ૬,૭૧,૨૯૫ રૂપિયા આરોપીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. આટલી મોટી રકમ મોકલ્યા છતાં પણ આરોપીએ બિહારથી લીચીનો માલ મોકલ્યો નહોતો. જ્યારે વેપારીએ માલ વિશે પૂછપરછ કરી ત્યારે આરોપીએ પહેલાં પોતાની માતા બીમાર હોવાનું અને ત્યારબાદ લીચીની સીઝન પૂરી થઈ ગઈ હોવાનું કહીને અલગ-અલગ બહાના કાઢવાનું શરૂ કર્યું હતું. લાંબા સમય સુધી માલ ન મળતા અને પૈસા પરત ન મળતા વેપારીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો.આરોપીએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું અને અંતે વેપારીએ કાયદાકીય માર્ગ અપનાવવાનું નક્કી કર્યું હતું. પોતાની મહેનતની કમાણીના ૬.૭૧ લાખ રૂપિયા ગુમાવનાર કૌશરભાઈએ અંતે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં આરોપી એમ.ડી. નઈમ આલમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૨) હેઠળ છેતરપિંડીનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે પોલીસ દ્વારા આરોપીને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજકોટની કુવાડવા ચોકડી પાસેથી ૪.૯૫ લાખના ગાંજા સાથે બિહારી શખ્સ ઝડપાયો

### રાજકોટમાં સપ્લાય કરે તે પૂર્વે જ એસઓજી પકડ્યો : બિહારથી ચોથી ખેપ મારી હતી



રાજકોટ,
રાજકોટ શહેરની ભાગોળે આવેલ કુવાડવા ચોકડી ખાતેથી એસઓજીની ટીમે રૂ. ૪.૯૫ લાખનો ૯.૯૦૦ કિલોગ્રામ ગાંજા સાથે બિહારી શખ્સની ધરપકડ કરી હતી. ચોથીવાર ગાંજાનો જથ્થો વતનથી લાવી મોહમદ નામના રિસીવરને ડિલિવરી આપે તે પૂર્વે પોલીસે સપ્લાયરની ધરપકડ કરી લીધી હતી.પોલીસે પાંચ લાખનો મુદ્દામાલ કબ્જે કરી રિસીવરની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવા ધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત પેડલર-એડિકટ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એન બી ચૌધરીની રાહબરી હેઠળ પીએસઆઈ વી વી ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં.

ત્યારે સાથેના એએસઆઇ ફિરોજભાઈ રાઠોડ અને ઈન્દ્રસિંહ જાડેજાને પાસવાન નામનો શખ્સ અમદાવાદ હાઈવે પર કુવાડવા ચોકડી નજીક ગાંજાના જથ્થા સાથે આવનાર છે, જે મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે કુવાડવા ચોકડી નજીક દોડી જઈ વોચ ગોઠવી હતી.

દરમિયાન ઉપેન્દ્ર પાસવાન નામનો શખ્સ કુવાડવા ચોકડી ખાતે પહોંચતા તેને કોર્ડન કરી અંગજડતી કરતા તેની પાસેથી રૂ. ૪.૯૫ લાખની કિંમતનો ૯.૯૦૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

જેથી એસઓજીની ટીમે ગાંજો, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ. ૫,૦૦, ૫૨૦ નો મુદ્દામાલ કબજે કરી ઉપેન્દ્ર બહાદુરરામ પાસવાન (ઉવ ૩૫ રહે. ભોજપુર, બિહાર)ની ધરપકડ કરી હતી. ઝડપાયેલ શખ્સે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કબુલાત આપી હતી કે, તે ચોથી વાર ગાંજાની ખેપ મારીને અહીં રાજકોટ ખાતે મહમદ નામના શખ્સને આપવા આવ્યો હતો. જેથી પોલીસે હવે રીસીવર મહંમદની શોધખોળ આદરી છે.

## ગોંડલના રીબડામાં ખેત મજૂરી કરતા પરિવારની દિકરીની ઝેર પી લેતાં મોત

### છુપી રીતે મોબાઇલ રાખ્યો હોઇ પિતાને જાણ થઇ જતાં પુત્રીનો આપઘાત

રાજકોટ,
ગોંડલના રીબડા ગામે ભાગીયામાં ખેતી રાખી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના પરિવારની ૧૮ વર્ષની દિકરીએ પોતાની પાસે છુપી રીતે મોબાઈલ ફોન રાખ્યો હોઈ તેની જાણ પિતાને થઈ જતાં પોતાને ઠપકો મળશે એવા ભયથી ઝેર પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાયપી ગઈ છે.

જાણવા મળ્યા મુજબ રીબડામાં પરષોત્તમભાઈ સગપરીયાની વાડીમાં રહેતાં મુળ એમપીના શ્યામભાઈ નીનામાની દિકરી દુબલીબેન (ઉ.વ.૧૮)એ ગઈ ૮મી તારીખે વાડીએ ઝેરી દવા પી લેતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. પોસ્ટમોર્ટમ બાદ પોલીસે મૃતદેહ સોંપતા અંતિમવિધી માટે એમપી લઈ જવાયો હતો.

આપઘાત કરનાર દુબલીબેન પાંચ બહેન અને બે ભાઈમાં નાની હતી. અહિ તેના પરિવાર સાથે રહેતી હતી. બપોરે નીંદામણ કરતી વખતે પોતે ઓરડીએ પાણી પીવાના બહાને ગઈ હતી અને બાદમાં ઝેરી દવા પી લીધી હતી. તેની પાસે મોબાઈલ ફોન હોઈ તેની જાણ પિતાને થઈ ગઈ હોઈ પોતાને ઠપકો મળશે તેવો ભય લાગતાં આ પગલુ ભયાનું ખુલ્યું હતું. ગોંડલ તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી

## રાજકોટના ગાંધીગ્રામ શાસ્ત્રીનગરમાં યુવતીનો ફાંસોખાઇ આપઘાત

રાજકોટ,
રાજકોટના ગાંધીગ્રામ રામાપીર ચોકડી નજીક શાસ્ત્રીનગર-૮માં રહેતી શ્રધ્ધાબેન કલ્પેશભાઈ સંચાણીયા (ઉ.વ.૨૧) નામની યુવતિએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાંપી ગઈ છે.બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ ચાવડા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.

## રાજકોટમાં એક સોની વેપારીનું રૂા. ૯૧.૯૬ લાખનું સોનું લઈ કારીગર નાસી ગયો

### શરૂઆતમાં દાગીના બનાવી પરત આપી વિશ્વાસ કેળવ્યા બાદ ૬૦૫.૧૪૦ ગ્રામ ફાઈન સોનું ઓળવી ગયો

રાજકોટ,
રાજકોટ શહેરમાં સોની વેપારીઓનું સોનું કારીગરો ઓળવી અને ચોરી કરી જતા હોવાના બનાવના કિસ્સાઓમાં વધુ એક સોની વેપારીનું સોનું એક પેઢીમાં કામ કરતા કર્મચારીએ જ ઓળવી લીધાની ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

મળતી વિગતો મુજબ, રાજકોટ પ્રહલાદ પ્લોટ શેરી નં. ૩૧ના ખુણે રહેતા અને દિવાનપરા શેરી નં. ૧૦માં શ્રી હરી બિલ્ડીંગ ખાતે સુવર્ણ જ્યોતિ ક્રિએશનના નામથી સોના-ચાંદી અને ડાયમંડ મેન્યુફેક્ચરિંગની પેઢી ધરાવતા દિવ્યેશ મહેન્દ્રભાઈ પાટડીયા (ઉ.વ. ૫૦)નું રૂા. ૯૧.૯૬ લાખનું સોનું આરોપી રાજેશ હિંમતલાલ આડેસરા ઉર્ફે રાજુભાઈ (રહે. ગીતગુર્જરી મેઈન રોડ, જુના એરપોર્ટ પાસે) ઓળવી ગયાની ફરિયાદ એ.ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.જેમાં દિવ્યેશભાઈએ જણાવ્યું છે કે, દોઢેક વર્ષ પહેલા કે.વી. એન્ડ સન્સ નામની પેઢી ધરાવતા સુનિલ ફીચડીયાને ત્યાં નોકરી કરતા આરોપી સાથે પરિચય થયો હતો. જેને કારણે આરોપીએ તેને સોનાના ચેન બનાવવાના ઓર્ડર આપવાનું શરૂ કર્યું હતું. પેમેન્ટ સ્વરૂપે આરોપી ફાઈન સોનું આપતો હતો. આરોપી સારી રીતે ધંધો કરતો હોવાથી તેની ઉપર વિશ્વાસ બેસી ગયો હતો. તેને આરોપી પાસેથી શરૂઆતમાં ૩૩૯.૮૧૦ ગ્રામ ફાઈન સોનું લેવાનું નીકળતું હતું.

ત્યારબાદ કુલ ૯૮૭.૩૭૦ ગ્રામ ફાઈન સોનું લેવાનું નીકળતું હતું. જેમાંથી આરોપીએ ૩૮૨.૩૦ ગ્રામ સોનું પરત આપી દીધું હતું. બાકીનું ૬૦૫.૧૪૦ ગ્રામ ફાઈન સોનું આજ સુધી પરત નહીં આપી વિશ્વાસઘાત કરતા એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઇ ચાવડા અને સ્ટાફે તપાસ કરી હતી.

રાજકોટ મહાનગરપાલિકા
પી.એમ.પોષણ યોજના
**ખાલી બારદાનના વેંચણ અંગેની જાહેરાત**

પી.એમ.પોષણ યોજના સેન્ટ્રલ કીચન ખાતેથી શણ તથા પ્લાસ્ટીકના ખાલી બારદાન વેંચાણ કરવાના કામે દ્વિવાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ કરવાનો થાય છે. આ કામે રસ ધરાવતા વેપારી / ઈસમો પાસેથી આ કામના ભાવો નિયત ભાવ પત્રકમાં મંગાવવામાં આવે છે. આ કામના ભાવ પત્રક તથા શરતો નીચે મુજબના એડ્રેસ પરથી તા.૧૪/૦૮/૨૦૨૬ થી તા.૨૪/૦૮/૨૦૨૬ સુધી મળી શકશે. ભરેલ ભાવ પત્રકો તા.૨૯/૦૮/૨૦૨૬ સુધીમાં બંધ કવરમાં નીચેના એડ્રેસ પર ફક્ત રજી એડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલી આપવાના રહેશે.

ભાવ પત્રકો મેળવવાનું અને મોકલી આપવાનું સ્થળ : નાયબ કલેકટરશ્રી પી.એમ.પોષણ યોજનાની કચેરી, રાજકોટ મહાનગરપાલિકા રૂમ નં.૪, આધારકાર્ડ સેન્ટરની ઉપર, સેન્ટ્રલ ઝોન, ડો.આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ

સહી: નાયબ કલેક્ટર
પી.એમ.પોષણ યોજના
રાજકોટ મહાનગરપાલિકા

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## સંસદમાં શેરી રાજકારણ

એ હાસ્યાસ્પદ છે કે વિપક્ષ, અને ખાસ કરીને કોંગ્રેસ, જે જંતર-મંતર પર સંસદ તરફ કૂચ દરમિયાન થયેલી હિંસા પર ગૃહમંત્રી અમિત શાહના પ્રતિભાવ પર આગ્રહી હતી, તે અચાનક તેમનો પ્રતિભાવ સાંભળવામાં અચકાતી દેખાઈ. રાહુલ ગાંધીએ તો ત્યાં સુધી કહ્યું કે તેઓ ગૃહમંત્રી પાસેથી જાણવા માંગે છે કે જો તેમણે ગોળીબાર કરવાનો કથિત આદેશ ન આપ્યો હોય, તો શું તેઓ જાણતા નથી કે કોણે આપ્યો?

શું આનાથી વધુ વાહિયાત કંઈ હોઈ શકે? શું રાહુલ ગાંધી ગૃહમંત્રીને આ મુદ્દા પર જે જવાબ સાંભળવા માંગે છે તે આપવાનો આગ્રહ રાખતા નથી લાગતા? જો કાલે તેઓ કહે કે સરકાર વિપક્ષના પ્રશ્નોના જવાબમાં શું કહેવું તે પોતે નક્કી કરશે તો નવાઈ નહીં લાગે. આ વિચિત્ર વલણને કારણે, શાસક પક્ષના સાંસદો સંસદ સંકુલમાં બેનરો સાથે જોવા મળ્યા જેમાં માંગ કરવામાં આવી હતી કે "રાહુલ ગાંધી, ભાગશો નહીં."

તેમને ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જનો જવાબ આપવાનું પણ કહેવામાં આવ્યું હતું. આ પરિસ્થિતિ દર્શાવે છે કે સંસદમાં કોઈપણ મુદ્દા પર ગંભીર ચર્ચા માટે જગ્યા કેવી રીતે સતત સંકોચાઈ રહી છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે સંસદમાં શેરી જેવું રાજકારણ થઈ રહ્યું છે. વિપક્ષ એ સરળ હકીકતને સમજવા તૈયાર નથી કે સંસદમાં હંગામો કરીને, તે ફક્ત પોતાને નુકસાન પહોંચાડે છે, પરંતુ શાસક પક્ષનું કામ પણ સરળ બનાવે છે અને તેને જવાબદાર ઠેરવવાની તકો પણ ગુમાવે છે.

વિપક્ષી પક્ષોએ સમજવું જોઈએ કે તેમના હોબાળા છતાં, ઘણા બિલ પસાર થઈ રહ્યા છે. શું આનો સીધો અર્થ એ નથી કે વિપક્ષને કોઈપણ પ્રસ્તાવિત કાયદાની જોગવાઈઓને સમજવામાં કોઈ રસ નથી?

સંસદમાં ચર્ચા વિના બિલ પસાર થાય તે યોગ્ય નથી, પરંતુ આ થઈ રહ્યું છે. આ માટે વિપક્ષ પોતે જ મોટાભાગે જવાબદાર છે. તે સંસદને બંધક બનાવી રહ્યું છે અને મહત્વપૂર્ણ કામોમાં અવરોધ લાવી રહ્યું છે, જ્યારે એક જવાબદાર વિપક્ષ તરીકેની ભૂમિકા જાણી જોઈને છોડી રહ્યું છે. આ તેના હોબાળાના પ્રેમને કારણે છે.

સંસદ માર્ચ દરમિયાન થયેલી હિંસાના સંજોગો, રામ મંદિરમાં પ્રસાદની ચોરીના કારણો અને તેના માટે કોણ જવાબદાર છે તે જાણવા વિપક્ષ ખરેખર ઇચ્છે છે કે નહીં તે શંકાસ્પદ છે. તે આ મુદ્દાઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોવાનો ડોળ કરવા માટે ઉત્સુક છે, પરંતુ તે સંવેદનશીલતા તરીકે જેને પ્રોત્સાહન આપે છે તે વાસ્તવમાં સસ્તી રાજનીતિ છે. શાસક પક્ષે પોતાની શૈલીમાં વિપક્ષને જવાબ આપવાને બદલે આ સસ્તી રાજનીતિનો યોગ્ય રીતે સામનો કરવાનું શીખવું જોઈએ.

# ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ભારત અને પાકિસ્તાન ટકરાશે તેવી શક્યતા ઓછી



જ્યારે પણ ભારત અને પાકિસ્તાન કોઈપણ રમતમાં ટકરાય છે, ત્યારે સમગ્ર વિશ્વનું ધ્યાન મેચ પર કેન્દ્રિત થાય છે. ભારત અને પાકિસ્તાન બંને જાપાનમાં ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ક્રિકેટ ઇવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે, ચાહકો તેમના ટક્કરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે જો ભારત અને પાકિસ્તાન ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ટકરાશે, તો તે ગોલ્ડ મેડલ મેચ અથવા બ્રોન્ઝ મેડલ મેચ હશે. પુરુષોની ઇવેન્ટની જેમ, મહિલા ઇવેન્ટમાં પણ સમાન ડ્રો થશે. પુરુષોની ઇવેન્ટમાં, ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ અને શ્રીલંકા સીધા ક્વાર્ટર ફાઇનલમાં રમશે. અફઘાનિસ્તાન સહિત ચાર ટીમોને ત્રણ-ત્રણના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે, જેમાં ટોચની બે ટીમો ક્વાર્ટર ફાઇનલમાં પહોંચશે.એશિયન ગેમ્સ ૨૦૨૬, જે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનમાં યોજાશે, તેમાં ક્રિકેટ સ્પર્ધા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૩ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. મહિલા મેચ પહેલા રમાશે, ત્યારબાદ પુરુષોની ઇવેન્ટ. પુરુષોની ઇવેન્ટમાં, ભારત અને પાકિસ્તાન ક્વાર્ટર ફાઇનલ કે સેમિફાઇનલમાં એકબીજાનો સામનો કરશે નહીં. ભારત ક્વાર્ટર-ફાઇનલ ૨ માં રમશે, જ્યારે પાકિસ્તાન ક્વાર્ટર-ફાઇનલ ૧ માં રમશે. બંને ટીમો ૨૮ સપ્ટેમ્બરે પોતાની ક્વાર્ટર-ફાઇનલ મેચ રમશે. જો ભારત સેમિફાઇનલ માટે ક્વોલિફાય થાય છે, તો તેઓ ક્વાર્ટર ફાઇનલ ૩ ના વિજેતા સાથે રમશે. જો પાકિસ્તાન સેમિફાઇનલમાં પહોંચે છે, તો તેઓ ક્વાર્ટર ફાઇનલ ૪ ના વિજેતા સાથે ટકરાશે. આ સ્પષ્ટ કરે છે કે બંને ટીમો સેમિફાઇનલ સુધી એકબીજાનો સામનો કરશે નહીં. બંને સેમિફાઇનલ મેચ ૧ ઓક્ટોબરે રમાશે.

# પાકિસ્તાની ક્રિકેટરો દેશ માટે રમવા કરતાં પૈસા કમાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે, ઇકબાલ કાસિમ

કરાંચી,

આજકાલ, પાકિસ્તાન ક્રિકેટમાં ખેલાડીઓની માનસિકતા પર જ નહીં, ફક્ત તેમના મેદાન પરના પ્રદર્શન પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હવે, ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને ટીમના ભૂતપૂર્વ મુખ્ય પસંદગીકાર, ઇકબાલ કાસિમે ખેલાડીઓની વર્તમાન પેઢી પર આકરા પ્રહારો કર્યા છે. તેમનું કહેવું છે કે ઘણા યુવા પાકિસ્તાની ક્રિકેટરો તેમની રમત સુધારવા અને દેશનું પ્રતિનિધિત્વ કરવા કરતાં પૈસા કમાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.




૫૦ ટેસ્ટ મેચોમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા કાસિમે કહ્યું કે હાલના ખેલાડીઓમાં તેમની ટેકનિક, રમતની સમજ અને કૌશલ્ય સુધારવા માટે સખત મહેનત કરવાની ઇચ્છાનો અભાવ છે. તેમના મતે, યુવા ખેલાડીઓ પૈસા પાછળ દોડી રહ્યા છે, જ્યારે રાષ્ટ્રીય જર્સી પહેરવી તેમના માટે સૌથી મોટું સન્માન હોવું જોઈએ.કાસિમે કહ્યું કે તેઓ ભૂતકાળ વિશે અથવા આપણા સમયમાં આપણે કેવી રીતે ક્રિકેટ રમ્યા તેના વિશે વાત કરવા માંગતા નથી. પરંતુ સાચું કહું તો, તેઓ મોટાભાગના યુવા ખેલાડીઓમાં તેમની સમજણ અને કૌશલ્ય સુધારવા માટે સખત મહેનત અને પ્રતિબદ્ધતાનો અભાવ જુએ છે. એવું લાગે છે કે તેમનું ધ્યાન રમત કરતાં પૈસા કમાવવા પર વધુ છે.

તેમણે વધુમાં કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં ક્રિકેટમાં નોંધપાત્ર ફેરફાર થયો હોવા છતાં, સફળતાનો મૂળભૂત સિદ્ધાંત એ જ રહે છે. ખેલાડી પોતાની વ્યક્તિગત ખામીઓને દૂર કરવા અને રમતને સમજવા માટે કેટલો સમય ફાળવે છે તે તેમની સફળતા નક્કી કરે છે. કાસિમના મતે, હાલમાં પાકિસ્તાની ક્રિકેટમાં આ પૂરતું દર્શાવવામાં આવી રહ્યું નથી.ભૂતપૂર્વ સ્પિનરે ખેલાડીઓની કોચિંગ સ્ટાફ અને ડેટા પર વધુ પડતી નિર્ભરતાને નબળાઈ તરીકે પણ ગણાવી.

# આઇસીસી વનડે ફોર્મેટ બચાવવા માટે મહત્વપૂર્ણ યોજનાઓ બનાવી રહ્યું છે

ટી ૨૦ ક્રિકેટની શરૂઆત થયાને લગભગ બે દાયકા થઈ ગયા છે, અને તેની લોકપ્રિયતા વિશ્વભરમાં અનુભવાય છે. આ જ કારણ છે કે હાલમાં લગભગ દરેક મોટા ક્રિકેટ રમતા દેશમાં ફ્રેન્ચાઇઝ ટી ૨૦ લીગની સ્થાપના થઈ રહી છે.

આની વનડે અને ટેસ્ટ ફોર્મેટ પર સૌથી વધુ પ્રતિકૂળ અસર પડી છે, કારણ કે ચાહકો તેમાં વધુ રસ દાખવી રહ્યા નથી.આઇસીસી હવે ટેસ્ટ અને વનડે ક્રિકેટના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ યોજનાઓ બનાવી રહ્યું છે, જેના કારણે આઇસીસીના સીઇઓ સંજોગ ગુપ્તાએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે, જેમાં તેમણે જણાવ્યું હતું કે અર્થહીન ટી ૨૦ શ્રેણીનું કોઈ ભવિષ્ય નથી અને તે ટૂંક સમયમાં જ બંધ થઈ જશે.

આઇસીસીના સીઇઓ સંજોગ ગુપ્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હેતુ અને સંદર્ભ વિના યોજાતી દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણીનો યુગ સમાપ્ત થવો જોઈએ. આ સંદર્ભમાં ,વનડે ક્રિકેટ ફક્ત અસ્તિત્વ સુધી મર્યાદિત રહેશે નહીં પરંતુ ભવિષ્યમાં નોંધપાત્ર રીતે મજબૂત પણ બની શકે છે. ક્રિકેટના તમામ ફોર્મેટમાં ,વનડેની સ્પષ્ટ અને મહત્વપૂર્ણ ભૂમિકા છે, ખાસ કરીને પુરુષો અને મહિલા આઇસીસી ક્રિકેટ વર્લ્ડ કપ સાથે જોડાયેલી. સૂત્રો સૂચવે છે કે આઇસીસી આગામી વર્લ્ડ કપ પહેલા વનડે માટે એક અલગ વિન્ડો બનાવવાનું વિચારી રહી છે, જે ટેસ્ટ ફોર્મેટની જેમ જ છે, જેથી આ ફોર્મેટને વધારાનું મહત્વ મળે.

આઇસીસીના સીઇઓ સંજોગ ગુપ્તાએ તેમના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે ક્રિકેટે ટેનિસ વિમ્બલ્ડન અને ગોલ્ફના ધ માસ્ટર્સ જેવી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંથી શીખવું જોઈએ, જેણે પરિવર્તનના આ યુગમાં તેમની જૂની પરંપરાઓ જાળવી રાખી છે, ચાહકો હજુ પણ આ ટુર્નામેન્ટમાં રસ ધરાવે છે. હાલમાં, ટી ૨૦ ક્રિકેટ વૈશ્વિક સ્તરે ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે સૌથી અસરકારક માધ્યમ છે, પરંતુ આનો અર્થ એ નથી કે વનડે અને ટેસ્ટ ક્રિકેટના વિકાસને અવગણવો જોઈએ. જ્યારે કેટલાક દેશોમાં ટેસ્ટ ક્રિકેટનો મજબૂત ચાહક આધાર છે, ત્યારે સભ્ય દેશોને પણ પોતપોતાના દેશોમાં ટેસ્ટ મેચોને મુખ્ય અને મહત્વપૂર્ણ ઇવેન્ટ તરીકે સ્થાપિત કરવાની તકો મળે તે જરૂરી છે.

# જુનિયર એનટીઆર ખભાની સર્જરી સંપૂર્ણ સફળ રહી છે, બધાના પ્રેમ અને આશીર્વાદથી અભિભૂત છુ

જુલાઈના અંતમાં ખભાની ઇજા બાદ, અભિનેતા જુનિયર એનટીઆરની હૈદરાબાદમાં આર્થ્રોસ્કોપિક ખભાની સર્જરી કરવામાં આવી. આ સર્જરી સિકંદરાબાદની કેઆઇએમએસ હોસ્પિટલ્સના ઓર્થોપેડિક સર્જનોની ટીમ દ્વારા કરવામાં આવી હતી, જેમાં ડો. આર.એ. પંચરંદ્ર તેજસ્વી, ડો. નીતિન બેર્જંકી, ડો. મધુસુધન રાવ અને ડો. શ્રીનિવાસ રાવ સુપ્રાનેની. ડોક્ટરે પુષ્ટિ આપી કે સર્જરી સારી રીતે થઈ છે અને અભિનેતા હવે તબીબી દેખરેખ હેઠળ સ્વસ્થ થઈ રહ્યા છે. દક્ષિણ અભિનેતા જુનિયર એનટીઆરએ સફળ સર્જરી પછી તેના ચાહકો અને શુભેચ્છકો માટે એક ટૂંકી નોંધ લખી.



તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર, અભિનેતા જુનિયર એનટીઆરએ લખ્યું, "હું તમારા બધાના પ્રેમ અને આશીર્વાદથી અભિભૂત છું. સર્જરી સફળ રહી અને હું સ્વસ્થ છું. મારા મિત્રો, પરિવાર અને ચાહકો, તમારો ટેકો મને દરરોજ શક્તિ આપે છે. જલ્દી મળીશું!" પોતાની ખુશી વ્યક્ત કરતા, પ્રશાંત નીલે લખ્યું, "તારક, સર્જરી સારી રીતે થઈ તે સાંભળીને આનંદ થયો. સ્વસ્થ થવા માટે તમારે જેટલો સમય જોઈએ તેટલો સમય કાઢો. આપણી પાસે સાથે મળીને ઘણું બધું બનાવવાનું છે. જલ્દી સેટ પર મળીશું."

વધુમાં, હોસ્પિટલે જુનિયર એનટીઆરના સ્વાસ્થ્ય અંગે એક સત્તાવાર બુલેટિન જારી કર્યું છે. ડોક્ટરોએ અભિનેતાને સ્વસ્થ થવામાં ૨-૩ મહિના લાગવાની સલાહ આપી છે. અગાઉના અહેવાલો અનુસાર, અભિનેતાને શૂટિંગ દરમિયાન નાની ઇજાઓ થઈ હતી અને તેમને ૬-૮ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. ઇજાઓ બાદ, અભિનેતાની સર્જરી કરવામાં આવી છે અને હાલમાં તે સ્વસ્થ થઈ રહ્યો છે.

ઋતિક રોશન સાથે "વોર ૨" માં દેખાયા પછી, જુનિયર એનટીઆર આગામી એક્શન-એન્ટરટેનર "ડ્રેગન" માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. પ્રશાંત નીલ દ્વારા દિગ્દર્શિત, ફિલ્મની એક ઝલક તાજેતરમાં રિલીઝ થઈ હતી, જેમાં જુનિયર એનટીઆર "લુગર" ની ભૂમિકા ભજવે છે. લુગર ડ્રગ ટ્રાફિકિંગ સિન્ડિકેટમાં સામેલ એક ગુનેગાર છે અને અધિકારીઓ દ્વારા મોટી કાર્યવાહીનો સામનો કરવાની તૈયારી કરી રહ્યો છે. રૂક્મિણી વસંત ફિલ્મમાં મહિલા મુખ્ય ભૂમિકા ભજવે છે. અનિલ કપૂર, બીજુ મેનન અને સિદ્ધાંત ગુપ્તા, અન્ય લોકો પણ મુખ્ય ભૂમિકાઓમાં છે. પ્રશાંત નીલ દ્વારા દિગ્દર્શિત, આ એક્શન ફિલ્મ ૧૧ જૂન, ૨૦૨૭ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની ધારણા છે

# ગરદનની ગંભીર ઈજાથી કારકિર્દીનો અંત, ડેની લેમ્બ ૩૦ વર્ષની ઉંમરે નિવૃત્તિ લઈ રહ્યા છે

ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર અને સસેક્સ ખેલાડી ડેની લેમ્બે ગરદનની ગંભીર ઈજાને કારણે માત્ર ૩૦ વર્ષની ઉંમરે વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. આ સિઝનની શરૂઆતમાં, તેને ગરદનમાં ડિસ્ક હર્નીએશન થયું હતું, જેના કારણે તેની કરોડરજ્જુને પણ નુકસાન થયું હતું. ગયા મહિને તેની સર્જરી થઈ હતી, પરંતુ ઈજાની આડઅસરો યથાવત રહી. ડોકટરોની સલાહને અનુસરીને, લેમ્બે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો. લેમ્બની વ્યાવસાયિક કારકિર્દી એક દાયકાથી વધુ સમય સુધી ચાલી. આ સમય દરમિયાન, તેણે લેક્ક્ષશાયર અને સસેક્સનું પ્રતિનિધિત્વ કર્યું, વિવિધ ફોર્મેટમાં ટીમમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.




પોતાની નિવૃત્તિ અંગે, ડેની લેમ્બે કહ્યું કે ઈજાને કારણે તેની કારકિર્દીનો અંત લાવવો તેના માટે અત્યંત મુશ્કેલ હતો, પરંતુ તે તેના લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે યોગ્ય નિર્ણય હતો.તેણે કહ્યું, "ઈજાને કારણે મારી કારકિર્દીનો અંત લાવવો અત્યંત મુશ્કેલ છે. તબીબી સલાહ લીધા પછી, હું જાણું છું કે આ મારા લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે યોગ્ય નિર્ણય છે. વ્યાવસાયિક ક્રિકેટમાં એક દાયકાથી વધુ સમય વિતાવવો એ સન્માનની વાત છે. લેક્ક્ષશાયર અને સસેક્સનું પ્રતિનિધિત્વ કરવા બદલ હું ખૂબ જ આભારી છું."લેમ્બે કહ્યું કે જ્યારે તે સૌથી પ્રતિભાશાળી ખેલાડીઓમાંનો એક ન હતો, ત્યારે તેણે હંમેશા ટીમને પોતાનું શ્રેષ્ઠ આપવા અને તેમની જીતમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો.

૨૦૨૩ માં સસેક્સ જતા પહેલા લેમ્બે લેક્ક્ષશાયર માટે તમામ ફોર્મેટમાં ૯૩ મેચ રમી હતી.તેણે પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં આઠ વિકેટ અને બોલિંગ એવરેજ ૩૩.૧૩ રાખી છે.બેટ સાથે તેનો શ્રેષ્ઠ સ્કોર ૧૩૪ હતો. ગરદનની ઇજાએ તેની કારકિર્દીના છેલ્લા કેટલાક મહિનાઓને મુશ્કેલ બનાવી દીધા છે.તે જૂનની શરૂઆતથી સસેક્સ માટે રમ્યો નથી.લેમ્બે સસેક્સની તાજેતરની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ડિવિઝન વનમાં ટીમના પ્રમોશન અને ટી ૨૦ બ્લાસ્ટના ફાઇનલ ડે સુધી પહોંચવામાં ભાગ હતો. સસેક્સના મુખ્ય કોચ અને ક્રિકેટ ડિરેક્ટર પોલ ફારબ્રેસે પણ લેમ્બને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ઈજાને કારણે કોઈપણ ખેલાડી રમત છોડી દે તે દુઃખદ છે, અને લેમ્બે પોતાની પ્રતિબદ્ધતા અને કૌશલ્યથી ક્લબમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ફાર્બ્રેસે કહ્યું કે લેમ્બે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ટીમને ડિવિઝન વનમાં પ્રમોટ કરવામાં અને ટી ૨૦ બ્લાસ્ટના ફાઇનલ ડે સુધી પહોંચવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# અમિતાભ બચ્ચને શાહરૂખ ખાનના વખાણ કર્યા, ફિલ્મ "સ્વદેશ" માં શાહરૂખ ખાનના અભિનયની પ્રશંસા કરી




'કૌન બનેગા કરોડપતિ ૧૮' ના તાજેતરના એપિસોડમાં, સ્પર્ધક બબલુ કુમાર પંડિતને રમત દરમિયાન શાહરૂખ ખાન સંબંધિત એક પ્રશ્ન પૂછવામાં આવ્યો. આ પ્રશ્ન દરમિયાન, અમિતાભ બચ્ચન થોડીક સેકન્ડ માટે થોભ્યા અને ફિલ્મ "સ્વદેશ" માં શાહરૂખ ખાનના અભિનયની પ્રશંસા કરી.અમિતાભ બચ્ચને કહ્યું, "સ્વદેશ, તેમની ફિલ્મ, મારું માનવું છે કે તેમાં તેમનો અભિનય એકદમ ઉત્તમ હતો. અને હું ઘણીવાર તેમને મળું છું અને તેમને એ જ વાત કહું છું."

અમિતાભ બચ્ચને પણ પ્રશ્ન સાથે સંબંધિત ત્રણ પાત્રો વિશે વાત કરી. તેમણે કહ્યું, "શાહરૂખ ખાને 'સ્વદેશ' માં નાસાના વૈજ્ઞાનિક, 'ચક દે! ઇન્ડિયા' માં હોકી કોચ અને 'વીર-ઝારા' માં આઇએએફ પાઇલટની ભૂમિકા ભજવી હતી."શાહરૂખ ખાને આ ત્રણેય ફિલ્મોમાં સંપૂર્ણપણે અલગ પાત્રો ભજવ્યા હતા, અને તેમના અભિનયને દર્શકો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો.આ ફિલ્મ દેશ, ગામડાઓ અને સમાજને લગતા ઘણા મુદ્દાઓને સંવેદનશીલ રીતે સંબોધે છે. આજ સુધી, તે શાહરૂખ ખાનની સૌથી યાદગાર ફિલ્મોમાંની એક અને તેમના શ્રેષ્ઠ અભિનયમાંની એક માનવામાં આવે છે.

# 'દિલ ચાહતા હૈ' પછી પ્રીતિ ઝિન્ટા ફરી એકવાર આમિર ખાન સાથે સ્ક્રીન શેર કરવા માંગે છે

ફરહાન અખ્તરની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ, દિલ ચાહતા હૈ, આ મહિને તેની રિલીઝના ૨૫ વર્ષ પૂર્ણ કરી. આ ફિલ્મ તેની રજત જયંતિ સાથે ફરી એકવાર સમાચારમાં છે. તે હજુ પણ સૌથી યાદગાર ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. ફિલ્મની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે, અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ પણ તેની સાથે જોડાયેલી યાદો શેર કરી છે. જોકે, તે આ ખાસ રિયુનિયનનો ભાગ બની શકી નહીં. હાલમાં, પ્રીતિ તેની આગામી ફિલ્મ, બંટવારા ૧૯૪૭ ના પ્રમોશનમાં વ્યસ્ત છે.



મીડિયા સાથે વાત કરતી વખતે, પ્રીતિએ મજાકમાં કહ્યું કે તેણીએ તેની કમબેક ફિલ્મ અને દિલ ચાહતા હૈ ના રિયુનિયન વચ્ચે પસંદગી કરવાની હતી. તેણીએ કહ્યું, "હું ઘણી બધી યાદો શેર કરવા માંગતી હતી. પરંતુ આમિરે અમને અલગ કરી દીધા. મારે બંટવારાનું પ્રમોશન કરવા આવવું પડ્યું, જ્યારે તેઓ દિલ ચાહતા હૈ ની ૨૫મી વર્ષગાંઠ ઉજવવા ગયા હતા."

પ્રીતિએ ખુલાસો કર્યો કે તે ફરીથી આમિર ખાન સાથે સ્ક્રીન શેર કરવા માંગે છે. તેણીએ આશા વ્યક્ત કરી કે બંને ટૂંક સમયમાં એક એવી ફિલ્મમાં સાથે કામ કરશે જે દિલ ચાહતા હૈ જેટલી યાદગાર સાબિત થશે. અભિનેત્રીએ કહ્યું, "હું તેની સાથે ફરીથી કામ કરવા માટે ઉત્સુક છું. મને આશા છે કે અમે એક એવી ફિલ્મમાં ફરી ભેગા થઈશું જે એટલી જ યાદગાર હશે. દિલ ચાહતા હૈ મારા માટે ખૂબ જ યાદગાર ફિલ્મ હતી. ૧૯૪૭નું પાર્ટીશન પણ મારા માટે યાદગાર ફિલ્મ બનવાનું છે."

ફરહાન અખ્તર દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, 'દિલ ચાહતા હૈ'માં આમિર ખાન, સૈફ અલી ખાન, અક્ષય ખન્ના, પ્રીતિ ઝિન્ટા, સોનાલી કુલકર્ણી અને ડિમ્પલ કાપડિયા અભિનય કરે છે. ૨૦૦૧ માં રિલીઝ થયેલી આ ફિલ્મ ત્રણ મિત્રોની આસપાસ ફરે છે જે પ્રેમ, મિત્રતા અને કોલેજ પછીના જીવનની જટિલતાઓને પાર કરે છે. ફિલ્મની નવી વાર્તા, શાનદાર અભિનય અને યાદગાર સંગીતને દર્શકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું. તેણે હિન્દીમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પણ જીત્યો.

# મને ઉદય અને કિરુથિગા ખૂબ ગમે છે. ગમે તે થાય, હું હંમેશા તેમને પ્રેમ કરીશ, વિશાલ

ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિન તાજેતરમાં એક કાર્યક્રમમાં કાવેરી જળ વિવાદ પર તમિલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજય પર નિશાન સાધ્યું હતું. જ્યારે સમર્થકોએ અભિનેત્રી ત્રિશાના નામે સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું, ત્યારે ઉદયનિધિએ હસતાં હસતાં વાંધાજનક ટિપ્પણી કરી.આ ટિપ્પણી સોશિયલ મીડિયા પર વિજય અને ત્રિશાના કથિત સંબંધો સાથે જોડાયેલી હતી. આ ટિપ્પણીએ તમિલનાડુના રાજકારણમાં ગરમાવો લાવી દીધો. દરમિયાન, અભિનેતા વિશાલ ઉદયનિધિના સમર્થનમાં દેખાયા. જાણો વિશાલે ડીએમકે નેતા ઉદયનિધિ વિશે શું કહ્યું. પોતાની આગામી ફિલ્મ "મગુડમ" ના ઓડિયો લોન્ચ પ્રસંગે બોલતા, વિશાલે કહ્યું, "મને ઉદય અને કિરુથિગા ખૂબ ગમે છે. ગમે તે થાય, હું હંમેશા તેમને પ્રેમ કરીશ. ઉદય પ્રત્યેનો મારો પ્રેમ મારા કોલેજના દિવસોમાં શરૂ થયો હતો, જ્યારે તેને કિરુથિગા સાથે પ્રેમ થઈ ગયો હતો. અમારી વચ્ચે દુશ્મનાવટ માટે કોઈ જગ્યા નથી."અભિનેતા વિશાલ આગળ કહે છે, "જો હું કાલે રાજકારણમાં પ્રવેશ કરીશ, તો પણ તે ફક્ત એક સ્વસ્થ સ્પર્ધા હશે. અમારી વચ્ચે ક્યારેય કોઈ અણબનાવ કે સંઘર્ષ નહીં થાય." આ રીતે, વિશાલે તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ વચ્ચે ઉદયનિધિને પરોક્ષ રીતે ટેકો આપ્યો છે.વિશાલની ફિલ્મ "મગુડમ" ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ તેમના દિગ્દર્શક તરીકેની શરૂઆત છે. અંજલિ અને દુશારા વિજયન અભિનીત આ ફિલ્મ ૧૪ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.



# કેતકી વ્યાસની ધરપકડઃ આવક કરતાં ૬૭.૮૪ ગણી વધુ મિલકતનો એસીબીનો આરોપ

### તપાસમાં જમીન, મકાન, ફ્લેટ, વાહનો સહિતની સંપત્તિ તેમજ અલગ-અલગ ૨૪ જેટલા બેંક ખાતામાં રકમ જમા હોવાની વિગતો સામે આવી

આણંદ,
આણંદના તત્કાલીન ડેપ્યુટી કલેક્ટર કેતકી વ્યાસ સામે અપ્રમાણસર મિલકતનો કેસ નોંધાયા બાદ એસીબીએ તેમની ધરપકડ કરી છે. એસીબીની તપાસ મુજબ કેતકી વ્યાસ પાસે તેમની જાણીતી આવક કરતાં ૬૭.૮૪ ગણી વધુ મિલકત મળી આવી છે. તપાસમાં જમીન, મકાન, ફ્લેટ, વાહનો સહિતની સંપત્તિ તેમજ અલગ-અલગ ૨૪ જેટલા બેંક ખાતામાં રકમ જમા હોવાની વિગતો સામે આવી છે.



એસીબીએ વર્ષ ૨૦૨૩થી કેતકી વ્યાસની મિલકત અંગે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન તેમની આવક અને સંપત્તિ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હોવાનો એસીબીનો દાવો છે.એસીબી મુજબ, કેતકી વ્યાસે તેમની જાણીતી આવકની સરખામણીમાં ૬૭.૮૪ ગણી વધુ સંપત્તિ વસાવી હતી. આ વધારાની સંપત્તિ અંગે તેઓ સંતોષકારક ખુલાસો કરી શક્યા ન હોવાનો તપાસ એજન્સીનો આરોપ છે.તપાસમાં કેતકી વ્યાસના નામે અથવા તેમની સાથે સંકળાયેલી વિવિધ મિલકતોની વિગતો સામે આવી હોવાનું એસીબીએ જણાવ્યું છે. તેમાં જમીન, મકાન, ફ્લેટ અને વાહનો સહિતની સંપત્તિનો સમાવેશ થાય છે.એસીબીના જણાવ્યા મુજબ, તેમની જાણીતી આવકની સરખામણીમાં રૂ.૩ કરોડથી વધુની વધારાની સંપત્તિ સામે આવી છે.તપાસ દરમિયાન કેતકી વ્યાસ સાથે જોડાયેલા અલગ-અલગ ૨૪ જેટલા બેંક એકાઉન્ટમાં રકમ જમા હોવાની વિગતો પણ સામે આવી છે. છઝ્રમ્ હવે આ ખાતાઓમાં થયેલા નાણાકીય વ્યવહારોની પણ તપાસ કરી રહી છે.અધિકારીઓ દ્વારા સંપત્તિ અને નાણાકીય વ્યવહારોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.આ કેસમાં કેતકી વ્યાસે ધરપકડથી બચવા આગોતરા જામીન માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે, સેશન કોર્ટ અને હાઈકોર્ટ બંને તરફથી આગોતરા જામીન નામંજૂર કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. ત્યારબાદ એસીબીએ તેમની શોધખોળ તેજ કરી હતી. એસીબીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની મદદથી કેતકી વ્યાસનું લોકેશન ટ્રેસ કર્યું હતું. તપાસ દરમિયાન તેઓ અમદાવાદના શેલા વિસ્તારમાં તેમની બહેનના ઘરે રહેતા હોવાની માહિતી મળી હતી.ત્યારબાદ એસીબીની ટીમે શેલામાં આવેલી બહેનના ઘરે પહોંચીને કેતકી વ્યાસની ધરપકડ કરી હતી.

# સીજેપીના સૌરવ દાસના પરિવારે પ્રશ્ન કર્યોઃ કેન્દ્ર પર ધાકધમકીનો આરોપ લગાવ્યો

પુડુચેરી,
કોકરોચ જનતા પાર્ટીના સહ-સંયોજક સૌરવ દાસે આરોપ લગાવ્યો કે પુડુચેરી પોલીસ તેમના ઘરે પહોંચી અને તેમની અને તેમના પરિવારની પૂછપરછ કરી. દાસે દાવો કર્યો કે તેમના પરિવારને "કેન્દ્ર સરકારના ઈશારે" ડરાવવામાં આવી રહ્યો છે.


સૌરવ દાસે 'એક્સ' પર એક પોસ્ટમાં પોલીસ કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા. તેમણે પૂછ્યું કે પોલીસને તેમના ઘરે જવાનો આદેશ કોણે આપ્યો અને તેની પાછળનું કારણ શું હતું. દાસે લખ્યું, "બે કલાક પહેલા, પુડુચેરી પોલીસ મારા ઘરે આવી અને મારા પરિવારને શ્રેણીબદ્ધ પ્રશ્નો પૂછ્યા. પુડુચેરી પોલીસ મને શા માટે હેરાન કરી રહી છે? કોણે આદેશ આપ્યો, અને કયા હેતુ માટે? શું આ કાનૂની પ્રક્રિયા છે?"

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે પુડુચેરીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સમર્થિત સરકાર તેમના પરિવારને "ધમકાવે છે". તેમણે દાવો કર્યો કે આ કાર્યવાહી કેન્દ્રશાસિત પ્રદેશમાં સરકારના સ્વભાવ સાથે મેળ ખાતી નથી.તેમણે પૂછ્યું, "પુડુચેરીમાં ભાજપ સરકાર મારા પરિવારને કેમ ડરાવી રહી છે? પુડુચેરી સરકારનું પાત્ર આવું નથી. આ કેન્દ્ર સરકારના ઈશારે કરવામાં આવી રહ્યું છે." દાસે વધુમાં આરોપ લગાવ્યો કે આ કાર્યવાહી તેમને ડરાવીને ચૂપ કરાવવાનો હેતુ હતો. તેમણે કહ્યું કે આ તેમને તેમની રાજકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખવાથી રોકશે નહીં.

તેમણે પોસ્ટમાં આગળ લખ્યું, "જો હેતુ મને ડરાવીને ચૂપ કરાવવાનો હોય, તો તે કામ કરશે નહીં. હું આમાંથી પાછળ હટીશ નહીં. આ એક સારી સિસ્ટમ બનાવવાના અમારા સંકલ્પને મજબૂત બનાવશે, એક એવી સિસ્ટમ જેમાં પોલીસ કાયદાનું પાલન કરે અને ગુંડાઓની જેમ વર્તે નહીં." આ પણ વાંચોતેમણે તેમના ઘરે પોલીસની મુલાકાતના આધાર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે પૂછ્યું, "કેન્દ્ર સરકારના ઈશારે પુડુચેરી સરકાર મારા પરિવારને કેમ ડરાવી રહી છે? આદેશ કોણે અને કયા હેતુ માટે આપ્યો? શું આ કાનૂની પ્રક્રિયા છે?"

# પોતાના ઘરે કે અંગત જગ્યાએ નફાના હેતુ વગર પત્તા રમવા એ ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનતો નથી

અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે ઘરની અંદર નફાના હેતુ વગર પૈસાથી પત્તા રમવા એ ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનતો નથી. વર્ષ ૨૦૨૧માં પોલીસે અમદાવાદના એક મકાનમાં રેડ પાડીને પત્તા રમતા કેટલાક લોકો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી એફઆઈઆર દાખલ કરી હતી. જોકે, આ કેસમાં અરજદારે હાઈકોર્ટના દ્વાર ખટખટાવીને રજૂઆત કરી હતી કે સંબંધિત મકાન કોઈ જુગારનો અડ્ડો નથી અને તેઓ કોઈ આર્થિક નફો મેળવવાના ઈરાદાથી રમી રહ્યા નહોતા. અરજદારની આ દલીલોને ગ્રાહ્ય રાખીને ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી તે ફ્રૈંઈને રદ કરવાનો હુકમ કર્યો છે.



વર્ષ ૨૦૨૧માં અમદાવાદના એક પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે એક ખાનગી મકાન પર દરોડો પાડીને કેટલાક લોકોને પૈસાથી પત્તા રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે આ લોકો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી સામે ભોગ બનનાર વ્યક્તિએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી.

અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે જે મકાનમાં રમત રમાઈ રહી હતી તે કોઈ 'જુગારનો અડ્ડો' નહોતો. એક રમતમાં ભાગ રૂપે લોકો ભેગા થયા હતા, ત્યાં કોઈ ભાગ લેનારા લોકો કોઈ વ્યવસાયિક હેતુ કે નફો કમાવવાના આશયથી એકઠા થયા નહોતા. માત્ર મિત્રો કે પરિચિતો વચ્ચે રમાતી રમતને કાયદાકીય રીતે જુગારનો ગુનો ગણી શકાય નહીં.

આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કાયદાકીય જોગવાઈઓ અને રજૂ કરાયેલા તથ્યોને ધ્યાને લીધા હતા. હાઈકોર્ટે નોંધ્યું કે ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનવા માટે તે જગ્યા 'જુગારનો અડ્ડો' હોવી અથવા ત્યાંથી ચાર્જ કે નફો વસૂલવામાં આવતો હોવો જરૂરી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, કોઈ પણ વ્યક્તિ પોતાના ઘરે નફા કે કમાણીના હેતુ વિના પોતાના મનોરંજન માટે પત્તા રમતી હોય, તો તેને જુગાર ધારા હેઠળ ગુનો માની શકાય નહીં. આ અવલોકન સાથે હાઈકોર્ટે અમદાવાદમાં નોંધાયેલી ફ્રૈંઈ રદ કરવાનો હુકમ કર્યો હતો.

# રાહુલ ગાંધી દેશની મજાક ઉડાવે છે, દુનિયા વિચારી રહી છે કે તે કેવા પ્રકારના વ્યક્તિ છેઃ કંગના રનૌત

### સંસદનું અને સમગ્ર દેશના નાગરિકોનું અપમાન કરી રહ્યા છે

નવીદિલ્હી,
ભાજપ સાંસદ કંગના રનૌતે સંસદમાં ગતિરોધ અને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર ચર્ચા કરવાના સરકારના પ્રસ્તાવને સ્વીકારવાનો વિપક્ષ દ્વારા ઈનકાર કરવા પર રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. કંગનાએ બુધવારે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી સતત દેશની મજાક ઉડાવે છે. "તેમના માટે બધું મજાક છે. કંગના રનૌતે કહ્યું કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ "૧૦૦ ચૂંટણીઓ હારી ગઈ છે" અને "કોઈ સ્થાન બાકી નથી."

લોકસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીની ભૂમિકાનો ઉલ્લેખ કરતા, અભિનેતાથી રાજકારણી બનેલા આદિત્યનાથે કહ્યું કે તેમને ભવિષ્યમાં તે ભૂમિકા મળશે નહીં અને આ તેમનો છેલ્લો કાર્યકાળ હશે. તેમણે રાહુલ ગાંધી પર સંસદ અને દેશની મજાક ઉડાવવાનો આરોપ લગાવ્યો. તેણીએ કહ્યું કે રાહુલ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદન માંગે છે અને પછી કહે છે, "અમે તેમનું સાંભળશું નહીં."કંગના રનૌતે રાહુલ ગાંધી પર આરોપ લગાવતા કહ્યું, "મને લાગે છે કે તેઓ દેશની મજાક ઉડાવી રહ્યા છે. તેઓ સતત દેશની મજાક ઉડાવે છે. આ પહેલી વાર છે જ્યારે હું સંસદની આટલી મજાક ઉડાવતો જોઈ રહી છું. એક તરફ, તેઓ કહે છે, "અમને અમિત શાહજી પાસેથી જવાબ જોઈએ છે, પૂછવા માટે કે તેમણે વિદ્યાર્થીઓ સાથે આવું કર્યું કે તે," અને તે જ સમયે, તેઓ કહે છે, "અમે તેમને સાંભળવા માટે અહીં નથી."

ભાજપ સાંસદે વધુમાં કહ્યું, "આખી દુનિયા જોઈ રહી છે અને વિચારી રહી છે કે આ કેવા પ્રકારનો વ્યક્તિ છે. તેઓ જે રીતે પોતાની હતાશા વ્યક્ત કરી રહ્યા છે, સંસદનું અને આમ સમગ્ર દેશ અને તેના નાગરિકોનું અપમાન કરી રહ્યા છે, અને વિપક્ષના નેતા તરીકેની તેમની ભૂમિકાને ધ્યાનમાં લેતા, મને ખાતરી છે કે આ તેમનો છેલ્લો કાર્યકાળ હશે."

ભાજપના સાંસદે રાહુલ ગાંધીના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધના નિવેદનોનો ઉલ્લેખ કર્યો, જેમાં તેમણે ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં વિરોધીઓ પર પોલીસ કાર્યવાહીના આરોપ બદલ માફી માંગવાની માંગ કરી હતી.કંગના રનૌતે કહ્યું, "તેઓ વડા પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. લોકશાહી રીતે ચૂંટાયેલા નેતા જેમને સતત ત્રીજા કાર્યકાળ માટે પ્રચંડ બહુમતી મળી છે.

# શું બિહારમાં દારૂબંધીનું ગુજરાત મોડેલ લાગુ થશે, એનસીએઇઆર રિપોર્ટ પછી ચર્ચા શરૂ

### કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ ફરી એકવાર નિવેદન જારી કર્યું

પટણા,
બિહારમાં સંપૂર્ણ દારૂબંધી લાગુ થયાના લગભગ એક દાયકા પછી, આ કાયદા અંગે ચર્ચા ફરી એકવાર તેજ બની છે. તાજેતરના એનસીએઈઆર રિપોર્ટ પછી, કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ ફરી એકવાર આ મુદ્દા પર નિવેદન જારી કર્યું છે. તેમણે બિહારમાં દારૂબંધીનું ગુજરાત મોડેલ લાગુ કરવાની હાકલ કરી છે. આનાથી દારૂબંધી અંગેની ચર્ચા ફરી શરૂ થઈ છે.

હકીકતમાં, ૨૦૧૬ માં બિહારમાં સંપૂર્ણ દારૂબંધી કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારથી, કાયદાની સમીક્ષા માટે વારંવાર માંગ કરવામાં આવી રહી છે. દારૂબંધી હોવા છતાં, બિહારમાં દારૂની સરળતાથી ઉપલબ્ધતા, ડ્રાય લિકરનું વધતું વ્યસન અને બિહારમાં નકલી દારૂથી થતા મૃત્યુએ દારૂબંધી પર પ્રશ્નો ઉભા કર્યા છે.

જીતન રામ માંઝીએ વારંવાર દારૂબંધી અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ વખતે, તેમણે બિહારમાં દારૂબંધીના ગુજરાત મોડેલને લાગુ કરવાની હાકલ કરી છે. તેમના મતે, દારૂબંધી કાયદા હેઠળ આશરે ૧.૨ મિલિયન લોકો સામે કેસ નોંધાયા છે, જેમાંથી મોટી સંખ્યામાં ગરીબ છે. તેમણે આરોપ લગાવ્યો છે કે કેટલાક અધિકારીઓ પણ આ કાયદાનો લાભ લઈને પૈસા કમાઈ રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે રાજ્યએ આવક વધારવાના રસ્તાઓ શોધવા જોઈએ, પરંતુ આનો અર્થ પ્રતિબંધ હટાવવાનો નથી. આનાથી દારૂબંધી પર ચર્ચા ફરી શરૂ થઈ છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચના તાજેતરના અહેવાલમાં બિહારમાં સંપૂર્ણ દારૂબંધી સમાપ્ત કરવાની અને નિયંત્રિત દારૂ વેચાણ અને એક્સાઈઝ ટેક્સ સિસ્ટમ લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે.

# બદ્રીનાથ ચોરી કેસઃ આરોપી નૌટિયાલની માતાએ ૧૧ મુદ્દાઓ પર આરટીઆઇ કરી

નવીદિલ્હી,
બદ્રીનાથ મંદિરમાં ચઢાવેલા ચોરીના કેસમાં આરોપી પ્રમોદ નૌટિયાલની માતા હેમલતા નૌટિયાલે બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ પાસેથી ૧૧ મુદ્દાઓ પર માહિતી માંગી છે. તેમણે માહિતી અધિકાર કાયદા હેઠળ આ આરટીઆઈ દાખલ કરી છે. આનાથી બીકેટીસીમાં ખળભળાટ મચી ગયો છે.

આરટીઆઈમાં અંગત સહાયકના હેડકાઉન્ટ અને પ્રોટોકોલ ફરજો પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. તેમાં પૂછવામાં આવ્યું હતું કે કયા અધિકારીએ પીએની સોંપણીનો આદેશ આપ્યો હતો. આ કાર્ય તેમની સોંપાયેલ ફરજોનો ભાગ નથી. ફરજો સંબંધિત સંબંધિત ઓર્ડર અને રેકોર્ડ અંગેની માહિતી પણ માંગવામાં આવી છે.

બીકેટીસીમાં કરાર આધારિત કાયદા અધિકારીની નિમણૂક અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે. પૂછવામાં આવ્યું છે કે તેમને કયા નિયમ હેઠળ નિયુક્ત કરવામાં આવ્યા હતા અને શું સરકાર પાસેથી પરવાનગી લેવામાં આવી હતી. કાયદા અધિકારીની ભૂમિકા સંબંધિત દસ્તાવેજો પણ માંગવામાં આવ્યા છે.આરટીઆઈ ગણતરીઓ, પ્રોટોકોલ અને અન્ય જવાબદારીઓ અંગે અધિકારીઓની ભૂમિકા સ્પષ્ટ કરતા રેકોર્ડ માંગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એકાઉન્ટિંગ અને પ્રોટોકોલ કાર્ય કાયદેસર રીતે અંગત સહાયકની જવાબદારીઓમાં સમાવિષ્ટ નથી.

### અમે બિહારને પોલીસ રાજ્ય નહીં બનવા દઈએ

# તેજસ્વી યાદવ વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબારના વિરોધમાં ૧૯મીએ લોક ભવન તરફ કૂચ કરશે

પટણા,
વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહીને લઈને બિહારમાં રાજકારણ ગરમાયું છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) ના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ અને વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે રાજ્ય સરકાર સામે વિરોધ પ્રદર્શન માટે બ્યુગલ વગાડ્યું. તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે ૧૯ ઓગસ્ટના રોજ પટનામાં વીરચંદ પટેલ પથ પર સ્થિત આરજેડી રાજ્ય મુખ્યાલયથી લોક ભવન સુધી એક વિશાળ કૂચ યોજાશે. તેમણે સ્પષ્ટ કર્યું કે બિહારને "પોલીસ રાજ્ય" બનવા દેવામાં આવશે નહીં અને નિર્દોષ વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે તમામ વિપક્ષી પક્ષો એક થઈ રહ્યા છે.



સીવાનમાં વિદ્યાર્થી વિરોધ દરમિયાન વિદ્યાર્થીઓ સામે એકે-૪૭ ફાયરિંગ કેસમાં કાર્યવાહી ન થવા સામે આરજેડીએ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. આરજેડી ૧૯ ઓગસ્ટના રોજ વીરચંદ પટેલ પથ પર સ્થિત પાર્ટી મુખ્યાલયથી લોક ભવન સુધી કૂચ કરશે. વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે આ જાહેરાત કરી હતી. તેજસ્વી યાદવે કહ્યું હતું કે તમામ સાંસદો, ધારાસભ્યો, એમએલસી અને પાર્ટી કાર્યકરો કૂચમાં ભાગ લેશે.તેજશ્વી યાદવે કહ્યું કે બિહારને પોલીસ રાજ્ય બનવા દેવામાં આવશે નહીં. વિરોધ પક્ષો સાથે ચર્ચા થઈ રહી છે. બિહારમાં વિદ્યાર્થીઓ માટે ન્યાય મેળવવા માટે તેમને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આખો દેશ જાણવા માંગે છે કે ગોળીબાર કોના આદેશ પર થયો હતો. તેમણે કહ્યું કે વિપક્ષે અવાજ ઉઠાવ્યા પછી એક કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિક્ષકને હજુ સુધી સસ્પેન્ડ કેમ કરવામાં આવ્યા નથી? તેમણે સંસદમાં આ મુદ્દો ઉઠાવવા બદલ રાહુલ ગાંધી અને અખિલેશ યાદવનો આભાર માન્યો.એવો પણ આરોપ લગાવ્યો કે વડા પ્રધાન, મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહ પ્રધાને આજ સુધી આ મુદ્દા પર એક પણ શબ્દ બોલ્યો નથી.

# આસામ-અરુણાચલ સરહદ પર આર્થિક નાકાબંધીના બીજા દિવસે, વિરોધીઓ અને અરુણાચલના રહેવાસીઓ વચ્ચે અથડામણ

### ભીડને કાબૂમાં લેવા માટે પડોશી રાજ્યની પોલીસે હવામાં ગોળીબાર કરવો પડ્યો

ગોવાહાટી,
આસામ અને અરુણાચલ પ્રદેશના વિરોધીઓ વચ્ચે ફરી અથડામણ થઈ. હકીકતમાં, તે હિમાલય રાજ્ય સામે અનિશ્ચિત આર્થિક નાકાબંધીનો બીજો દિવસ હતો. ભીડને કાબૂમાં લેવા માટે પડોશી રાજ્યની પોલીસે હવામાં ગોળીબાર કરવો પડ્યો. આ ફરી થયેલી અથડામણ વચ્ચે, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ શાંતિની અપીલ કરતા કહ્યું કે સરહદો ક્યારેય હૃદયને વિભાજીત કરી શકતી નથી.

આસામના મિસિંગ સમુદાયના મુખ્ય વિદ્યાર્થી સંગઠન, તકમ મિસિંગ પોરીન કેબાંગ અને અન્ય સ્થાનિક જૂથોએ બુધવારે અરુણાચલ પ્રદેશ સામે અનિશ્ચિત આર્થિક નાકાબંધી શરૂ કરી. આ પગલું કથિત ગોળીબારના વિરોધમાં લેવામાં આવ્યું હતું જેમાં ૧૨ આસામી આદિવાસી લોકો ઘાયલ થયા હતા.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, "જ્યારે નાકાબંધી ચાલી રહી હતી, ત્યારે અરુણાચલ પ્રદેશના કેટલાક લોકોએ આસામી વિરોધીઓ પર પથ્થરમારો કર્યો હતો, જેમાં કેટલાકને નાની ઈજાઓ થઈ હતી. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે ઝપાઝપી થઈ હતી." એ નોંધવું જોઈએ કે સોમવારે, ધેમાજી જિલ્લામાં આંતર-રાજ્ય સરહદ પર જમીનના અતિક્રમણને લઈને અરુણાચલ પ્રદેશના તોફાનીઓ દ્વારા કથિત ગોળીબારમાં આસામના ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા હતા.

ટીએમપીકે ઉપરાંત, મિસિંગ મિમાગ કેબાંગ અને ટાકામ મિસિંગ મહિલા કેબાંગ જેવા અન્ય સ્થાનિક સામાજિક જૂથો પણ નાકાબંધીને સમર્થન આપી રહ્યા છે. તેમણે અરુણાચલ પ્રદેશમાં પ્રવેશતા અને જતા તમામ વાહનોને પ્રવેશ બિંદુઓ પર અવરોધિત કર્યા છે, સિવાય કે કટોકટી અને શાળાના વાહનો. આ સંગઠનો આસામ-અરુણાચલ પ્રદેશ સરહદ વિવાદનો ઝડપી ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે. તેઓ બે દિવસ પહેલા થયેલા ગોળીબારના ગુનેગાર સામે કાર્યવાહી કરવા અને આસામી જમીન પર કથિત અતિક્રમણનો અંત લાવવાની પણ માંગ કરી રહ્યા છે.અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ આંતર-રાજ્ય સરહદ પર ગોળીબારની ઘટના બાદ તણાવ વચ્ચે અરુણાચલ પ્રદેશ અને આસામના લોકોને શાંતિ, સંવાદિતા અને પરસ્પર આદર જાળવવા અપીલ કરી. તેમણે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માના સકારાત્મક અને આશ્વાસન આપનારા નિવેદનનું પણ સ્વાગત કર્યું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ખાંડુએ કહ્યું કે આસામ અને અરુણાચલ પ્રદેશ ઈતિહાસ, મિત્રતા અને ભાઈચારાના ઊંડા બંધન ધરાવે છે. તેમણે ભાર મૂક્યો કે બે પડોશી રાજ્યો વચ્ચેના મતભેદો હંમેશા વાતચીત, પરસ્પર સમજણ અને શાંતિપૂર્ણ માધ્યમો દ્વારા ઉકેલવા જોઈએ.

# પંજાબ ભાજપમાં સંગઠનાત્મક ફેરબદલથી પાર્ટીમાં વ્યાપક રોષ અને બળવો ફેલાયો

### અનેક જિલ્લાઓમાં પદાધિકારીઓ દ્વારા સામૂહિક રાજીનામા અને વરિષ્ઠ નેતાઓની નારાજગી બાદ, દિલ્હી હાઈકમાન્ડે સીધી હસ્તક્ષેપ કર્યો

ચંડીગઢ,
પંજાબ ભાજપમાં સંગઠનાત્મક ફેરબદલ બાદ, બળવાખોર અવાજો ઉભરી આવ્યા છે. જિલ્લા પ્રમુખોની નિમણૂકોથી વૃદ્ધ અને વરિષ્ઠ નેતાઓ નારાજ છે. અનેક જિલ્લાઓમાં પદાધિકારીઓ દ્વારા સામૂહિક રાજીનામા અને ભાજપના વરિષ્ઠ નેતાઓની નારાજગી બાદ, દિલ્હી હાઈકમાન્ડે આ મામલે સીધી હસ્તક્ષેપ કર્યો છે. પ્રદેશ ભાજપ પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોનને દિલ્હી બોલાવવામાં આવ્યા છે અને સંગઠનમાં વધતી જતી અસંતોષને તાત્કાલિક નિયંત્રિત કરવા સૂચના આપવામાં આવી છે. કેન્દ્રીય નેતૃત્વ ઈચ્છતું નથી કે આ ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબ કોંગ્રેસ દ્વારા સામનો કરવામાં આવેલી મોટી સંગઠનાત્મક કટોકટી જેવું મોટું સંગઠનાત્મક સંકટ બને. રાજ્ય નેતૃત્વને નારાજ નેતાઓ સાથે વાતચીત વધારવા અને તમામ પક્ષોને એકસાથે લાવવાની રણનીતિ પર કામ કરવા કહેવામાં આવ્યું છે.પંજાબ ભાજપના પ્રદેશ પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોને પંજાબમાં તેમની નવી સંગઠનાત્મક ટીમની જાહેરાત કરતાની સાથે જ પાર્ટીમાં અસંતોષનું મોજુ ફરી વળ્યું. ઘણા જિલ્લાઓમાં પદાધિકારીઓની આખી ટીમોએ રાજીનામું આપી દીધું, જેમાં દાયકાઓથી પક્ષ સાથે જોડાયેલા ઘણા અનુભવી ભાજપ નેતાઓનો પણ સમાવેશ થાય છે.

જૂના ભાજપના નેતાઓ માને છે કે કોંગ્રેસના નેતા કેવલ સિંહ ધિલ્લોનને પહેલા પ્રદેશ પ્રમુખ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને હવે, સંગઠનાત્મક નિમણૂકોમાં, કોંગ્રેસ અને અન્ય પક્ષો છોડીને ભાજપમાં જોડાનારા નેતાઓને પસંદગી આપવામાં આવી રહી છે. જૂના નેતાઓ અને સંગઠનાત્મક વ્યક્તિઓને હવે બાજુ પર રાખવામાં આવ્યા છે. આ નારાજગીને કારણે ઘણા જિલ્લાઓમાં પાર્ટીના અધિકારીઓએ મોટા પાયે રાજીનામા આપ્યા છે. ભાજપ હાઈકમાન્ડ રાજીનામું આપનારાઓને સંગઠનમાં ફરીથી સમાવિષ્ટ કરવા માંગે છે. હોશિયારપુર, લુધિયાણા, ફરીદકોટ, ખન્ના, મુક્તસર અને સંગરુરમાં વિરોધ પ્રદર્શનોને શાંત કરવા પ્રાથમિકતા છે.

# રાજકોટમાં દિવાળી પહેલા દુબઈ, બેંગકોકની ફ્લાઈટ શરૂ થવાની તૈયારી

## ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઈમિગ્રેશન ઈન્સ્પેક્શન

રાજકોટ

રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણના ૩ વર્ષ પૂર્ણ થયા બાદ પણ એકપણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ ન થતાં સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો અને નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ સ્થિતિ વચ્ચે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી દિવાળી પૂર્વે તમામ એરલાઈન્સ કંપનીઓ અને સાંસદ સાથે મળીને દુબઈ તથા બેંગકોક માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરાવવાનો દાવો કરવામાં આવ્યો છે. ૧૩ ઓગસ્ટના રોજ અમદાવાદથી મિનિસ્ટ્રી ઓફ ફોરેન અફેર્સની એક ટીમ ઈમિગ્રેશન સુવિધાઓની ચકાસણી માટે રાજકોટ એરપોર્ટની મુલાકાત લેવાની છે. એરપોર્ટને કસ્ટમ્સ ક્લિયરન્સની મંજૂરી અગાઉથી જ મળી ચૂકી છે. સાંસદ પરષોત્તમ રૂપાલાએ આ મુદ્દે સંસદમાં રજૂઆત કરી હતી, જેના જવાબમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પોતાની તૈયારી દર્શાવીને હવે એરલાઈન્સ કંપનીઓ સાથે જોડાણ કરવા સૂચવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી. પી. વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં ગ્રીનફિલ્ડ એરપોર્ટની મંજૂરી મળી હતી, પરંતુ ૨૦૧૬ સુધી કોઈ પ્રોગ્રેસ થયો નહોતો. ચેમ્બરના સતત પ્રયાસો બાદ ૨૦૧૭માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું અને ૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ એરપોર્ટનું લોકાર્પણ થયું હતું. રાજકોટથી દુબઈ, બેંગકોક અને મિડલ ઈસ્ટના અન્ય શહેરો સાથે સીધી કનેક્ટિવિટી મળવાથી સૌરાષ્ટ્રના વેપારીઓ, ઉદ્યોગપતિઓ, મેડિકલ ઈમરજન્સી માટે જતા દર્દીઓ તેમજ પ્રવાસીઓને મોટો આર્થિક અને મુસાફરીનો ફાયદો થશે

# રાજકોટ લોકમેળોમાં સ્ટોલની ફાળવણી રમકડાના બાકી રહેલા ૧૧ સ્ટોલ વેચાઇ ગયા: ૧૫ સ્થળે પાર્કીંગ જાહેર

## લાખોની ભીડને કાબૂમાં રાખવા પ્રથમ વખત 'એઆઈ'' નો ઉપયોગ: ખાણીપીણીના ૫ સ્ટોલ હજુ પડતર

રાજકોટ,

રાજકોટના આંગણે યોજાતા પરંપરાગત અને લોકપ્રિય સાતમ-આઠમના લોકમેળાને આખરી ઓપ અપાઇ રહયો છે. મેળામાં પ્લોટ અને સ્ટોલની ફાળવણી પ્રક્રિયા દરમિયાન બાકી રહેલા રમકડાંના ૧૧ સ્ટોલની સફળતાપૂર્વક ફાળવણી કરી દેવામાં આવી છે. એ માત્ર ખાણીપીણીના ૫ સ્ટોલ પડતર રહયા છે. જેનું હજુ સૂધી કોઈ લેવાલ નથી.

મેળા સમિતિ દ્વારા પારદર્શક પ્રક્રિયા મારફતે બાકી રહેલા ૧૧ રમકડાંના સ્ટોલ માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટોલ મેળવવા માટે અનેક વેપારીઓએ રસ દાખવ્યો હતો. ડ્રો અને નિયત પ્રક્રિયા પૂર્ણ કરીને તમામ ૧૧ સ્ટોલ યોગ્ય દાવેદારોને ફાળવી દેવાયા છે. આ સાથે જ રમકડાંના વિભાગની તમામ જગ્યાઓની ફાળવણી આખરી થઈ ગઈ છે.રમકડાંના સ્ટોલની ફાળવણી પૂર્ણ થયા બાદ હવે તંત્રનું ધ્યાન ખાણી-પીણીના બાકી રહેતા સ્ટોલ પર કેન્દ્રિત થયું છે.મેળામાં આવતા લાખ્ખોં લોકો માટે શુદ્ધ અને ગુણવત્તાસભર વાનગીઓ મળી રહે તે માટે તંત્ર કટિબદ્ધ છે.ખાણી-પીણીના બાકી રહેલા સ્ટોલની ફાળવણી પણ આગામી ટૂંક જ સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે.મેળામાં આવતા સ્ટોલ ધારકો અને મુલાકાતીઓની સુરક્ષા માટે ફાયર સેફટી, વીજ કનેક્તન અને એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અંગેના કડક નિયમો લાગુ કરવામાં આવ્યાા છે.દરમિયાન કલેકટર કચેરીના અધીકારી સુત્રોના કહેવા મુજબ સૌરાષ્ટ્રભરના ગામડાઓમાંથી આવતી પ્રજા માટે જુદી જુદી ૧૫થી વધુ જગ્યાજએ ફ્રી પાંકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત ખાનગી સિકયરીટી ગાર્ડ પણ ફરજ બજાવશે. જનતાની સુરક્ષા માટે પાંચ વોચટાવર ઉપર સીસીસી ટીવી કેમેરાથી વોચ રખાશે. આ અંગે પોલીસ તંત્ર અલગ રીતે કાર્યવાહી કરી રહયું છે. આ ઉપરાંત લોકમેળામાં સુરક્ષા વ્યચવસ્થા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.૧૦ થી ૧૨ લાખ લોકોની ભીડને ધ્યાનમાં રાખીને, સૌપ્રથમ વખત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

# રાજકોટના શાપર-વેરાવળમાં દુકાનમાંથી ગેરકાયદે ૧.૨૫ લાખના ફટાકડાનો જથ્થો જપ્ત

### સેફ્ટીના સાધનો કે લાયસન્સ વગર ફટાકડા રાખનાર દુકાનદાર સામે રૂરલ એસઓજીની કાર્યવાહી

રાજકોટ,

રાજકોટના શાપર-વેરાવળમાં રૂરલ એસઓજીએ દરોડો પાડી દુકાનમાંથી ગેરકાયદે૧.૨૫ લાખના ફટાકડાનો જથ્થો- કબ્જે કરી દુકાનદાર સામે કાર્યવાહી કરી હતી.

રૂરલ એસઓજીના પી.આઇ. એફ. એમ. પારઘી, પીએસઆઇ જી. જે. ઝાલા તથા પી. બી. મિશ્રા સહિતની ટીમે વેરાવળ મેઇન રોડ પ્રગતી મોલ, બીજા માળે દુકાન નં. ૨૩૧ માં દરોડો પાડી દુકાનદાર જયસુખભાઇ રણછોડભાઇ સોલંકી ધંધો વેપાર રહે. વેરાવળ ગામ, નવદીપ મોલની બાજુમાં ખોડીયારનગર કબ્જા ભોગવટાવાળી, દુકાનમાં અલગ અલગ પ્રકારના સ્ફોટક ફટાકડા જમીનમાં ફુટી શકે તેવા અલગ અલગ પ્રકારના ફટાકડાની કિ. રૂા. ૧.૨૫,૯૭૫ ના મુદામાલ કોઇપણ પ્રકારના લાયસન્સ કે આધાર વગર અને કોઇપણ પ્રકાર ફાયર સેફટીના સાધનો રાખ્યા વગર પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તેવી બેદરકારી દાખવી વેચાણ અર્થે ફટાકડા પોતાના કબ્જામાંથી રાખી મળી આવતા તેની સામે ગુન્હો દાખલ કરી કાર્યવાહી કરાઇ હતી

# જેતપુરના વાડાસડા ગામે વાડીમાં જુગારધામ પર એલસીબી ત્રાટકી: ૭ પકડાયા

જેતપુર,

જેતપુરના વાડાસડા ગામે વાડીમાં ચાલતા જુગારના હાટડા ઉપર એલસીબીએ દરોડો પાડી જુગાર રમતા ૭ શખ્સો ને ૫૭ હજારની રોકડ સાથે ઝડપી લીધા હતા. એલસીબી પી આઈ જે પી રાવ સ્ટાસફના મનદીપસિંહ જાડેજા, જયવીર સિંહ રાણા, ધર્મેન્દ્રભાઈ ચાવડા, પ્રહલાદસિંહ રાઠોડ, અનિલભાઈ ગુજરાતી તાલુકાના ગ્રામ્ય વિસ્તોરમાં પેટ્રોલિંગમાં નીકળેલ તે દરમિયાન બાતમી મળેલ કે વાડાસડા ગામે રહેતો ગિરીશ રીબડીયા પોતાની વાડીમાં બહારથી માણસો બોલાવી જુગારનો હાટડો ચલાવતો હોય જે બાતમીના આધારે પોલીસે વાડાસડા ગામની કરાર તરીકે ઓળખાતી સીમમાં આવેલ ગિરીશ રીબડીયા ની વાડીમાં જુગાર અંગેની રેડ કરતા વાડીના રૂમમાં તીન પત્તીનો જુગાર રમતા જયેશ રાઘવભાઇ શિંગાળા, હિતેન્દ્ર નટવરસિંહ ચૌહાણ, વિજય ભીખુભાઈ ચૌહાણ, દિવ્યેશ વ્રજલાલ શિંગાળા, કલ્પેટશ બાવનજીભાઈ રીબડીયા તથા વાડી માલિક ગીરીશ ભગવાનજીભાઈ રીબડીયા રે.તમામ વાડાસડા ગામ નેરોકડ રૂ. ૫૭,૫૦૦ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી માટે તાલુકા પોલીસને સોંપી આપતા પોલીસે તમામ વિરોધ ગુનો નોંધેલ હતો.

# રાજકોટમાં પરપ્રાંતીયોને નોકરી પર રાખી પોલીસને જાણ નહીં કરનાર સિક્યુરીટી સંચાલક સામે ગુનો

રાજકોટ,

રાજકોટમાં સિકયુરીટી સંચાલક દ્વારા પરપ્રાંતિય સિકયુરીટી ગાર્ડને નોકરી પર રાખી પોલીસને જાણ નહિં કરવા બદલ માલવીયાનગર પોલીસે સિકયુરીટી સંચાલક ચંદ્રેશ બટુકલાલ ત્રિવેદી (રહે. અજંતા પાર્ક, સાધુ વાસવાણી રોડ) સામે જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કર્યો હતો.

માલવીયાનગર પોલીસના એ.એસ.આઇ. કેતનભાઇ શેખલીયા સહિતનો સ્ટાલફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ગોંડલ રોડ પર આવેલા ડિમાર્ટના ગેઇટ પર નોકરી પર હાજર સિકયુરીટી ગાર્ડની પુછતાછ કરતા બે મહિના સહિત ત્રણેય સિકયુરીટી ગાર્ડ મૂળ મહારાષ્ટ્ર અને યુ.પી.નાં હોવાનું જણાવ્યું હતું.

તેને આ બાબતે પોલીસમાં નોંધ કરાવાઇ છે કે કેમ? તે બાબતે પુછપરછ કરાતા સંચાલક દ્વારા કોઇ જાણ કરાઇ ન હોવાનું જણાવ્યું હતું.જેથી આ મામલે સાઇ એજન્સી સિકયુરીટીના સંચાલક ચંદ્રેશભાઇ ત્રિવેદીની પુછતાછ કરતા ડિમાર્ટમાં પરપ્રાંતીયોને સિકયુરીટી ગાર્ડ તરીકે રાખવા બાબતે પોલીસને જાણ નહિં કર્યાનું જણાવતા ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટના પેડક રોડ શીવસૃષ્ટિ પાર્કમાં દુધ પીને સુતા બાદ ૭ મહિનાની બાળકી જાગી જ નહિ: જુડવા બહેનોની જોડી ખંડિત

રાજકોટ,

રાજકોટના પેડક રોડ પર રહેતાં પરિવારની ૭ મહિનાની દિકરી દુધ પીને સુતા બાદ બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. આ સાથે જુડવા બહેનની જોડી ખંડિત થઇ હતી.

જાણવા મળ્યા મુજબ પેડક રોડ શીવસૃષ્ટી પાર્ક-૨માં રહેતાં અંકિતભાઇ રામાણીની દિકરી જસ્બી (ઉ.૭ મહિના)ને સવારે સાડા પાંચેક વાગ્યે માતાએ દુધ પીવડાવી સુવડાવી હતી. પણ બાદમાં તેણી નહિ જાગતાં બેભાન હાલતમાં સારવારમાં ખસેડાઇ હતી. પણ તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. તેણી જુડવા બહેનમાં મોટી હતી. અંકિતભાઇ ચાંદી કામ કરે છે.

બીજા બનાવમાં રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતાં વિજયભાઇ સમેચાનો પુત્ર (ઉ. ૨૦ દિવસ) રાતે સુતા બાદ સવારે નહિ જાગતાં બેભાન હાલતમાં સારવારમાં ખસેડાતા તેનુ મોત થયુ હતુ વિજયભાઇ ફ્રુટનો ધંધો કરે છે. આ બાળક એક બહીનથી નાનો હતો. બંને બનાવમાં બી-ડિવીઝન અને યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી.

# રાજકોટના મોરબી રોડ જકાતનાકા નજીક મકાનમાંથી વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો



રાજકોટ,

રાજોકોટના મોરબી રોડ જકાતનાકા નજીક મકાનમાં બી. ડિવિઝન પોલીસ ત્રાટકી હતી અને ૧૪૪૦ બોટલ દારૂ સાથે અમિત ઉર્ફે બુસાની ધરપકડ કરી રૂ. ૧૧.૦૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે બલેનો કાર અને એક્સેસના ચાલકની શોધખોળ આદરી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર ઉચ્ચ અધિકારીઓની દારૂ-જુગારની ગેરકાયદે બદીને ડામવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જી આર ચૌહાણના માર્ગદર્શન હેઠળની ટીમો પેટ્રોલિંગમાં હતી.દરમિયાન કોન્સ્ટેબલ જગદીશભાઈ વાંકને મળેલી હકીકતના આધારે મોરબી રોડ જકાતનાકા પાસે વાલ્મિકી સોસાયટી શેરી નં.- ૫ માં આવેલ મકાનમાં બી ડિવિઝન પોલીસે દરોડો પાડી અહીંથી કુલ ૧૪૪૦ બોટલ શરાબ સાથે અમિત ઉર્ફે બુસો રાજુભાઈ ડોડીયા (ઉવ ૨૭)ની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ, જીજે-૧૧-ડીબી-૭૨૦૩ નંબરની બલેનો કાર તેમજ જીજે-૦૩-એનએ-૪૭૨૪ નંબરનું એક્સેસ મળી કુલ રૂ. ૧૧.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે બલેનો કાર અને એક્સેસના ચાલકની શોધખોળ આદરી છે.

# ટપાલ વિભાગ દ્વારા રાખી મેઈલ પર ૧૦ ટકાનું ડિસ્કાઉન્ટ જાહેર

રાજકોટ,

તા.૨૮/૮ના રોજ પવિત્ર રક્ષાબંધનના તહેવાર નિમિતે બહેન પોતાની ભાઈને સુગમતાથી અને સરળતાથી રાખડી મોકલી શકે અને સમયસર મળી જાય તે હેતુથી રાજકોટ હેડ પોસ્ટ ઓફીસ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સાદી ટપાલથી રાખડી મોકલવા ઈચ્છતા ગ્રાહકો માટે જીલ્લા પ્રમાણે અલગ અલગ બાસ્કેટ (ટ્રે)ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સ્પીડ પોસ્ટ મારફતે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય રાખડી કવર મોકલવા માટે રાજકોટ હેડ પોસ્ટ ઓફીસ ખાતે અલગ કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.આ રક્ષાબંધન તહેવાર નિમિતે ભારતીય ટપાલ ખાતા દ્વારા આગામી તા.૧૨/૮ બુધવારથી રાખડી મોકલવા માટે વિશેષ ડિસ્કાઉન્ટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમાં સ્પીડ પોસ્ટ ઈનલેન્ડ મારફત જે બહેનો ભારત દેશમાં રાખડી મોકલવા માંગે છે તેમને પોસ્ટેજ ચાર્જના ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

# વેરાવળ ભાલકા વિસ્તારમાં મહિલા સાથે ૧૯ લાખની છેતરપીંડી

વેરાવળ,

વેરાવળના ભાલકા વિસ્તારમાં રહેતા અસ્મીતાબેન વિરેનભાઈ આંજણી ને તેજ વિસ્તારમાં રહેતા અને આશા વર્કર તરીકે કામ કરતા સોનબલબેન ઉર્ફેનયનાબેન રાજુભાઈ ગૌસ્વામી એ ચારેક વર્ષ પહેલા સંબધો બાંધી વિશ્વાસમાં લઈ ફરીયાદ પાસે રોકડા રૂા. ૧,૦૦,૦૦૦ હાથ ઉછીના લીધેલ હોય ત્યા રબાદ ૨૦૨૫ માં આરોપીએ પોતાના પુત્ર/પુત્રી ના અભ્યાસ તેમજ નોકરી માં જરૂરીયાત હોવાથી ફરીપાછા ઉછીના નાણા માંગેલ હતા જેથી ફરીયાદીએ ૨૫ તોલાના સોનાના દાગીના રૂા. ૧૮,૯૪, ૭૫૦ ના લઈ લીધેલ હતા ફરીયાદીએ વારંવાર રકમ ની માંગ કરતા આરોપીએ પોતાના મકાન વેચાશે અથવા કોઈને પાઘડી થી આપશે ત્યારે નાણા આપી દેવાની વાત કરેલ હતી પણ પાંચ વર્ષ દરમ્યાન કોઈપણ રકમ પરત ન આપેલ ન હોય જેથી ઠગાઈ વિશ્વાસઘાત કરી આટલી મોટી રકમ છેતરપીડી કરતા પોલીસમાં ફરીયાદ નોધાવેલ છે.

# વેરાવળમાં બોટ માલીક સાથે ખલાસીઓની રૂ.૭૪ લાખની છેતરપીંડી : ફરિયાદ

વેરાવળ,

વેરાવળ ૮૦ ફુટ રોડ ઉપર રહેતા રાજેશ દેવજીભાઈ કુહાડા એ માછીમારીની સીઝન શરૂ થતી હોય જેથી બોટ માં ૭ જેટલા ખલાસીઓ કામગીરી માટે રાખેલ હોય અને તેને અલગ અલગ સમયે રૂા. ૭૪,૦૨, ૯૨૦ આપેલ હોય અનેક વખત ફોન કરતા કામે આવેલ ન હોય તેમજ રૂપીયા પણ પરત આપેલ ન હતા જેથી આ આરોપીઓ ભાઈલાલ ભાણાભાઈ દુબલા,સોરઠી દીપેશકુમાર પ્રવિણભાઈ,વિરેન્દુત પ્રેમા સોરઠી, દીલીપ ચંદુ દુબલા,કલ્પેશ શંકરભાઈ સોરઠી,ગૌતમ કીકા,સંતોષ ભાણા સોરઠી,નરેશ ભીખુભાઈ સોરઠી પોરબંદર હોવાની જાણ થતા રૂબરૂ મળવા માટે ગયેલ ત્યાં આરોપીઓએ ખુલ્લી ધમકી આપેલ હતી કે તું અહીયા આવી તો તારી ટાટીયા ભાગી નાખીશ હવે પછી આવતો નથી જેથી બોટ માલીકે સાતેય સામે પોલીસમાં ફરીયાદ નોધાવેલ છે.

# શનિવારે રાજકોટમાં યોગ વિદ્યા પ્રાણીક હિલીંગ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ

રાજકોટ,

યોગ વિદ્યા પ્રાણીક હિલિંગ ફાઉન્ડેશન ઓફ ગુજરાત સંલગ્ન ઓલ ઈન્ડિયા યોગ વિદ્યા પ્રાણીક હિલિંગ ટ્રસ્ટ અને નાગર બોર્ડિંગના સયુંકત ઉપક્રમે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી નાગર બોર્ડિંગ, ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલની સામે, રાજકોટ ખાતે તા. ૧૫, ઓગસ્ટ, શનીવારે સવારે ૦૯ : ૩૦ થી બપોરે ૦૧ : ૩૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે.

રક્તદાન કેમ્પમાં રક્તદાતાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા ડો. હેમાંગ વસાવડા, પિયુષ ધાંધા, વિમલ દોશી, નિસર્ગ વોરા, જીજ્ઞેશ કુંડલીયા તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, જયંત અગરવાલ, મનીષ રૂપારેલિયા, ભરત મહેતાએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

રકતદાન અંગેની વિશેષ માહિતી માટે મો.૯૪૨૬૨ ૫૦૭૯૫, મો.૯૮૨૪૨ ૨૪૫૬૨, મો. ૯૪૨૭૫ ૦૫૯૭૩ પર સંપર્ક કરવો. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી જણાવે છે કે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિઓને નવું જીવનદાન મળે છે, સ્વસ્થ વ્યક્તિએ અવશ્ય દર ત્રણ મહિને રક્તદાન કરવું જોઈએ, રક્તદાનની સેવાની પ્રવૃત્તિ એ રાષ્ટ્રની સર્વોત્તમ સેવા છે.

# રાજકોટના સરધાર પાસેના લોઠડામાં સર્પદંશથી બાળકનું મોત

રાજકોટ,

ચોમાસાની ઋતુમાં સાપ તેમજ જીવજંતુ કરડવાના બનાવો વધી જતાં હોય છે. ઘણીવાર આવા બનાવ જીવલેણ પણ નીવડતાં હોય છે. આ દરમિયાન રાજકોટના સરધાર તાબેના લોઠડા ગામે એક પાંચ વર્ષના એક બાળકનું સર્પદંશને કારણે મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

જાણવા મળ્યા મુજબ લોઠડા ગામે આવેલી રવિભાઇ બાબરીયાની વાડીમાં રહી કામ કરતાં રાકેશભાઇ કાલરાના દિકરા વિશાલ (ઉ.વ.૫)ને તે ખેતરમાં રમતો હતો ત્યારે સાપે દંશ મારતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ મૃત્યુ. થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી

# જાણો.. સ્વાતંત્ર્ય સંગ્રામમાં અમૂલ્ય પ્રદાન આપનારા રાજકોટ જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે..

રાજકોટ,

ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ એ વિશ્વના ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના કહી શકાય. ભારતમાં ઈ.સ. ૧૮૫૭થી જ સ્વાતંત્ર્યની ચળવળે જોર પકડ્યું. ત્યારબાદ ધીરે-ધીરે શિક્ષણનો ફેલાવો થતાં લોકજાગૃતિ આવવા માંડી અને એના ફલસ્વરૂપે ઈ.સ. ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ હતી. રાષ્ટ્રીય મહાસભાની જુદી-જુદી પ્રવૃત્તિઓને લીધે લોકમાનસ સ્વાતંત્ર્ય તરફ ઢળતું ગયું. ઈ.સ. ૧૯૧૫માં ભારતમાં ગાંધીજીનું આગમન થતાં સ્વાતંત્ર્ય ચળવળનો વેગ દેશનાં અન્ય પ્રાંતોની જેમ સૌરાષ્ટ્રમાં પ્રવેશી ગયો હતો.

ઈ.સ. ૧૯૨૨માં સરધારના શિકાર સત્યાગ્રહથી પ્રજાકીય ચળવળોની શરૂઆત થઈ ચૂકી હતી અને પ્રજામાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે જુસ્સો પેદા થવા માંડ્યો હતો. ત્યારબાદ ખાખરેચી, ધ્રોલ, વણોદ, રાજકોટ, લીંબડી, ભાવનગર, જૂનાગઢ વગેરે સ્થળોએ સત્યાગ્રહો થયા. આ સત્યાગ્રહોને સમાચાર પત્રોનો પણ ખૂબ સહકાર સાંપડતો હતો. અસહકારની ચળવળ, સવિનય કાનૂનભંગની ચળવળ અને ઈ.સ. ૧૯૪૨ની હિન્દ છોડો લડતમાં પણ સૌરાષ્ટ્રના અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓનું પ્રદાન રહ્યું છે.


૧. સાચા બહાદુર સુધારક સજ્જન : ઉછરંગરાય નવલશંકર ઢેબર

ઉછરંગરાય ઢેબર સોલિસિટર અને વકીલ હતા. તેમણે ગાંધીજીના સંપર્કમાં આવ્યા બાદ ધીકતી વકીલાત છોડી દીધી અને કાઠિયાવાડ રાજકીય પરિષદમાં અગ્રગણ્ય ભાગ ભજવીને રાજકોટ સત્યાગ્રહના સુકાની બન્યા. આ ઉપરાંત પણ તેમણે વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે કામ કર્યું અને અનેક વખત જેલવાસ પણ વેઠ્યો, ગામડાઓમાં ફર્યા. તેમનાં પત્ની મનુબેને પણ સાથે રહીને સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો હતો. જેલવાસ દરમિયાન મનુબેનનું અવસાન થયું હતું.

આઝાદી મળ્યાના આરંભમાં પણ તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સૌરાષ્ટ્રમાંથી જમીનદારી નાબૂદી કરવાનો યશ માત્રને માત્ર તેમને ફાળે જાય છે. ત્યારબાદ સ્વતંત્ર સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવતાં તેમણે પ્રથમ મુખ્યમંત્રી તરીકેનું સ્થાન શોભાવ્યું હતું. તેમણે શિક્ષણ સંસ્થાઓ તથા સામાજિક સંસ્થાઓ માટે અગત્યના કાર્યો કર્યા હતા. એટલે જ ગાંધીજીએ તેમને 'સાચા બહાદુર સુધારક સજ્જન' અને જવાહરલાલ નેહરુએ તેમને 'સૌથી નમ્ર અને શાંત વ્યક્તિ' તરીકે ઓળખાવ્યા હતા.

૨. રાષ્ટ્રીય શાળા સાથે જોડાયેલા પુરુષોત્તમ નારણદાસ ગાંધી

પુરુષોત્તમ નારણદાસ ગાંધી અને તેમનાં પત્ની વિજયાબેન ગાંધી બંને અગ્રગણ્ય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમણે સવિનય કાનૂન



ભંગની લડત વખતે ચાર માસ અને 'હિન્દ છોડો' લડત વખતે છ માસ જેલવાસ ભોગવ્યો હતો. આઝાદી પછી રાજકોટની રાષ્ટ્રીય શાળાની કામગીરીમાં જોડાઈને સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રભાષાના પ્રચારનું કામ સંભાળ્યું હતું.

૩. ધોલેરા સત્યાગ્રહમાં સત્યાગ્રહીની ટૂકડીના સરદાર : ગોકુળભાઈ ગોરધનદાસ ગગલાણી

ઈ.સ. ૧૯૦૧માં ધોરાજી મુકામે ગોકુળભાઈ ગગલાણીનો જન્મ થયો હતો. તેઓ ધોલેરા સત્યાગ્રહમાં સત્યાગ્રહીની ટૂકડીના સરદાર બન્યા અને સવિનય કાનૂનભંગ કરી ધરપકડ વહોરી જેલવાસ ભોગવ્યો હતો. ઈ.સ. ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાઈને કામગીરી કરી હતી. જેના લીધે મુંબઈ રાજ્યે તેમને ગુનેગાર ઠરાવ્યા હતા અને તેમને પકડવા ઈનામ પણ જાહેર કર્યું હતું. આ ઉપરાંત, ધ્રાંગધ્રા-લીંબડી અને રાજકોટ સત્યાગ્રહમાં અગ્રભાગ તેમણે ભજવ્યો હતો. ઈ.સ. ૧૯૪૭ની આરઝી હકૂમત વખતે પણ સમિતિના સભ્ય તરીકે સક્રિય કામગીરી કરી હતી.

૪. 'હિન્દ છોડો' લડત દરમિયાન ભૂગર્ભવાસીઓને મદદ કરતા બાલકૃષ્ણ હરિલાલ દવે

બાલકૃષ્ણ દવેએ ૧૯૩૦-'૩૨ની સવિનય કાનૂન ભંગ ચળવળ દરમિયાન રાજકોટમાં વિદેશી કાપડના પિકેટિંગના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૩૦માં ધ્રાંગધ્રા સત્યાગ્રહ, ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેવાના કારણે તેમને જેલવાસ ભોગવવો પડ્યો. તેઓ રાજકોટ સત્યાગ્રહ વખતે પણ પકડાયા અને જેલવાસ ભોગવવો પડ્યો. ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડતથી દૂર રહીને ભૂગર્ભવાસીઓને મદદ કરવાનું કામ કર્યું હતું. કાઠિયાવાડ રાજકીય પરિષદની કામગીરી સંભાળી હતી.

-સંકલન : માર્ગી મહેતા

# રાજકોટમાં પશુપાલક સહિતના ત્રણ સાથે સસ્તા સોના-ડોલરના નામે રૂા. ૩૫ લાખની છેતરપિંડી

## સોનાના બિસ્કિટની માગણી કરતા અમેરિકા યુદ્ધનું બહાનું કાઢ્યું: ગઢડાના શખ્સ સામે ગુનો નોંધાયો

રાજકોટ,

રાજકોટના પશુપાલકને સસ્તામાં સોનાના બિસ્કિટ આપવાના અને ડોલરને ભારતીય કરન્સીમાં બદલાવવાના નામે ત્રણ જણા સાથે રૂા.૩૫.૩૦ લાખની છેતરપિંડી કરવા અંગે કાળું માનસિંગભાઇ પઢીયાર (રહે. હસનવાડી શેરી નં.૨, મૂળ જલાલપુર, તા.ગઢડા) વિરુદ્ધ બી.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

મળતી વિગતો મુજબ,રાજકોટ માર્કેટ યાર્ડ પાછળ મચ્છાનગર મેઇન રોડ પર રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા કમલેશભાઇ મકવાણા (ઉ.વ.૪૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ૨૦૨૫ની સાલમાં પાડોશમાં રહેતા ચંદ્રેશ પીઠડીયા મારફત આરોપી સાથે પરિચય થયો હતો. તે વખતે ચંદ્રેશે કહ્યું કે, આરોપી માતાજીના ભુવા છે. તેમનું માતાજીનુ અનુષ્ઠાન ચાલું છે. જેથી એક રૂમની જરૂર છે. પરિણામે આરોપીની ગાયોનો ચારો રાખવાના રૂમમાં રહેવાની વ્યવસ્થા કરી આપી હતી.

પખવાડીયા પછી આરોપીએ કહ્યું કે, તેની પાસે સોનાનું ૧૦ કિલોગ્રામ સુધીનું લાયસન્સ છે. દુબઇથી સસ્તા ભાવમાં સોનાના બિસ્કિટ આવે છે. આ પછી બે બિસ્કિટ બતાવ્યા હતા. જે બજાર ભાવ કરતા ૫૦ ટકા સસ્તા હોવાનું કહ્યું હતું. ૧૦૦ ગ્રામના એક બિસ્કિટનો ભાવ રૂા.૮ લાખ કહ્યો હતો. બીજા દિવસે આરોપી પાસેથી બિસ્કિટ લઇ સોની વેપારીને બતાવ્યું હતું. જેણે બિસ્કિટ સાચું હોવાનું કહેતા આરોપી પાસેથી બે બિસ્કિટ માગ્યા હતા.

આરોપીએ સેમ્પલ માટે આપેલું બિસ્કિટ પરત લઇ લીધું હતું. એટલું જ નહીં એડવાન્સમાં પૈસા માગતા રૂા.૧.૨૦ લાખ તેના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. ઘણાં સમય સુધી આરોપીએ બિસ્કિટ નહીં આપતા પુછતાં કહ્યું કે, હાલ યુદ્ધની સ્થિતિ છે એટલે ઉપરથી માલ આવતો નથી. થોડી વાર લાગશે. આ માટે થોડા વધારે રૂપિયા આપવા પડશે તેમ કહેતા તેણે પત્નીના સોનાના હાર ઉપર લીધેલી લોનના રૂા.૬.૫૦ લાખ આપી દીધા હતા. થોડા દિવસ બાદ આરોપીએ ફરીથી ઉઘરાણી કરતા સંતાનોના લગ્ન માટે ભેગા કરેલા રૂા.૫ લાખ આરોપીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા.સંતાનોના લગ્ન નજીક હોવાથી ફરીથી બિસ્કિટની માગણી કરતા આરોપીએ કહ્યું કે, અમેરિકાનું યુદ્ધ ચાલું છે એટલે 'સ્ટીમ્બર' આવતું નથી. થોડા દિવસો બાદ કંડલા પોર્ટે બિસ્કિટ આવી ગયાનું કહી છોડાવવા માટે વધુ રૂા.૨.૪૦ લાખ લીધા હતા.થોડા દિવસ બાદ બીજા રૂા.૮૦ હજાર આપ્યા હતા. પરંતુ આરોપી બિસ્કિટ આપવાના બદલે વાયદા કરતો રહ્યો હતો. આખરે રૂા.૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે બાઉન્સ થયો હતો. એટલું જ નહીં આરોપીએ તેની ટાટા સફારી કાર રૂા.૧ લાખમાં ખરીદી હતી. જેમાંથી રૂા.૪૦ હજાર જ આપ્યા હતા.આરોપીએ તેના સિવાય વિનયસિંહ દીલુભા જાડેજા (રહે. મુરલીધર કોમ્પલેક્ષ, રેલનગર) પાસેથી પણ સોનાના બિસ્કિટ આપવાના નામે રૂા.૯.૫૦ લાખ અને યાજ્ઞિકભાઇ રમણીકભાઇ મોલીયા (રહે. રાજારામ સોસાયટી શેરી નં.૪, સંતકબીર રોડ) પાસેથી ડોલરને ઇન્ડિયન કરન્સીમાં બદલાવવાના નામે રૂા.૧૦ લાખ સામે રૂા.૩૦ લાખ આપવાનું કહીં રૂા.૯.૩૦ લાખ લઇ લીધા હતા.હાલ આ મામલે પીએસઆઇ જેઠવા અને સ્ટાફે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટના શિતલ પાર્ક પાસે કૂતરું આડૂ ઉતરતા બાઇક સ્લીપ થયું: શિક્ષિકાનું મોત

## ખાનગી સ્કૂલની નોકરી પૂર્ણ કરી રેપીડો બાઇક પર શિક્ષિકા ઘરે જતાં માર્ગમાં માથે ટેક્રર ફરી વળ્યું

રાજકોટ,

રાજકોટ શહેરના અયોધ્યા ચોક પાસે રહેતી અને ખાનગી સ્કૂલમાં નોકરી કરતી યુવતી બપોરે નોકરી પૂર્ણ કરી રેપીડો બાઇક પર ઘર જતી હતી.ત્યારે શિતલ પાર્ક પાસે પહોંચતા બાઇક આડે કૂતરૂં ઉતર્યુ હોય જેથી ચાલક અને શિક્ષિકા સ્લીપ થતાં પાછળથી આવતું ટેક્રર શિક્ષિકા પર ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર હેઠળ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તેનું સારવારમાં મોત નિપજતા ગાંધીગ્રામ પોલીસે પિતા યોગેશભાઈ મગનલાલ દોશીની ફરિયાદ પરથી ટેક્રર ચાલક સામે ગુનો નોંધી પીએસઆઇ એ.બી.ઝાલાએ તપાસ આદરી છે.



વધુ વિગતો મુજબ,શહેરના અયોધ્યા ચોકમાં આવેલા રવિ ક્રિષ્ના હાઈટ્સ ત્રીજો માળ ૩૦૪માં રહેતા પ્રિયંકાબેન યોગેશભાઈ દોશી ઉ.૨૮ નામની યુવતી બપોરે અઢી વાગ્યા આસપાસ નચિકેતા સ્કૂલમાંથી પોતાની નોકરી પૂર્ણ કરી ઉપરોક્ત સરનામે ઘરે જવા રેપીડો બાઈક પર જતી હતી.ત્યારે શિતલ પાર્ક પાસે પહોંચતા બાઈક આડે કૂતરૂ ઉતર્યો હોય જેથી શિક્ષિકા તથા ચાલક રોડ પર પટકાયા હતા.દરમ્યાન પાછળથી પૂરઝડપે આવેલું ટેક્રર શિક્ષિકા પર ફરિ વળતા હાથ-પગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થતા અકસ્માત સર્જનાર નાશી છુટયો હતો.જયારે ઈજાગ્રસ્ત શિક્ષિકાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ટુંકી સારવારમાં મોત નિપજયું હતું.બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું કે, મૃતકને સંતાનમાં બે વર્ષનો પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના પરમેશ્વરનગરના યુવાને ઉછીના લીધેલા રૂપિયાની ચિંતામાં ઝેરી દવા પીધી

## યુવાને ઉછીના લીધેલા ૩ લાખની કેમ ભરપાઈ કરવા? ઉપાધિ સતાવતા પગલું ભર્યું



રાજકોટ,

રાજકોટ શહેરમાં મવડી પ્લોટ વિસ્તારમાં આવેલ પરમેશ્રવરનગરમાં રહેતા યુવાને ઉછીના લીધેલા ૩ લાખની ચિંતામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં આવેલ પરમેશ્રવરનગરમાં રહેતા અભયભાઈ મનસુખભાઈ બુચા (ઉ.વ.૨૨)એ ખર્ચ પેટે રૂા.૩ લાખ ઉછીના લીધા હતા. જે રૂપિયાની ચિંતામાં પાળ રોડ પર ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# રાજકોટમાં રૈયારોડ શિવપરા વિસ્તારના મહિલાએ લીક્વિડ પી આપઘાતનો પ્રયાસ

## પ્રેમલગ્ન કરનાર પુત્રીએ વીડિયો કોલ કરી કરિયાવર માટે ધમકી આપતા માતાને લાગી આવ્યું

રાજકોટ,

રાજકોટમાં રૈયારોડ પર આવેલા શિવપરામાં રહેતી યુવતીએ એક માસ પૂર્વે પ્રેમલગ્ન કર્યા બાદ માતાને વીડિયો કોલ કરી પિતાની મિલકતમાંથી કરીયાવર આપવા અને કરીયાવર નહીં આપેતો દંપતિ તેમના ઘરે રહેવા આવી જશે તેવી ધમકી આપતા માતાએ જ્વલનશીલ પ્રવાહી પી લીધુ હતું. આપઘાતનો પ્રયાસ કરનાર મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રૈયારોડ પર બ્રહ્મ સમાજ ચોક પાસે આવેલા શિવપરામાં રહેતા



રસીદાબેન બસીરભાઈ બ્લોચ નામના ૪૫ વર્ષના પ્રૌઢા બપોરના બેએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે જ્વલનશીલ પ્રવાહી પી લીધુ હતું. પ્રૌઢાને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં રસીદાબેન બ્લોચના પતિ હયાત નથી રસીદાબેનને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. નાની પુત્રીએ એક મહિના પહેલા પ્રેમલગ્ન કરી લીધા હતા. પ્રેમલગ્ન કરનાર પુત્રીએ રસીદાબેનને વીડિયો કોલ કરી પિતાની મિલકત માંથી કરિયાવર આપો નહીંતર અમે બંન્ને જણા તમારા ઘરે રહેવા આવી જશુ તેવી ધમકી આપતા રસીદાબેને જ્વલનશીલ પ્રવાહી પી લીધુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના હરસિધ્ધિ સોસાયટીના યુવાનનો દેણુ વધી જતા ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ

## મહિકા ગામે ફિનાઇલ પી લેતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો

રાજકોટ,

શહેરમાં માંડાડૂંગર પાસે આવેલી હરસિધ્ધી સોસાયટીમાં રહેતા યુવાને દેણુ વધી જતા મહિકા ગામે ફિનાઇલ પી લીધુ હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ માંડાડૂંગર પાસે આવેલી હરસિધ્ધી સોસાયટીમાં રહેતા વનરાજ ધુધાભાઇ ચૌહાણ (ઉ.વ.૨૩) બપોરના સમયે મહિકા ગામે હતો. ત્યારે ફિનાઇલ પી લીધુ હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં વનરાજ ચૌહાણે અગાઉ કારખાનુ ચાલુ કર્યુ હતું. તે દરમિયાન સાત લાખ વ્યાજે લીધા હતા. કારખાનુ નહીં ચાલતા દેવામાં ડૂબેલા યુવાને ફિનાઈલ પી મિત્રને વીડિયો કોલ કર્યો હોવાનુ જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત બીજા બનાવમાં માંડાડૂંગરમાં રહેતા ભૂરા મનુભાઇ સોનારા (ઉ.વ.૨૫)એ કોઇ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ભૂરા સુનારાએ અગાઉ પણ બે થી ત્રણ વખત પરિવારને ડરાવવા આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને ગઇકાલે ગળેફાંસો ખાઇ તેની બહેન કાજલબેને વીડિયો કોલ કર્યો હોવાનુ જાણવા મળ્યુ છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં હાર્ટએટેક કહેર: વધુ બેનાં હૃદય બેસી ગયા રૈયાગામના આધેડ અને હુડકો કવાર્ટરના પ્રૌઢનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ બે માનવ જિંદગી ધબકારા ચૂકી ગઇ છે. જેમાં રૈયાગામના આધેડ અને હુડકો કવાર્ટરના પ્રૌઢનું હાર્ટએટેકથી મોત નીપજતા બંન્ને પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના રૈયાગામમાં આવેલા બિરજુ પાર્કમાં રહેતા ગીજુભાઇ લાભશંકરભાઇ પુરોહિત (ઉ.વ.૫૧) બપોરના સમયે પોતાના ઘરે બેભાન હાલતમાં ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જયા ફરજ પરના તબીબે આધેડનુ હાર્ટએટેકથી મોત નીપજયાનું જાહેર કર્યુ હતું. મૃતક આધેડને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે અને આધેડ કર્મકાંડનું કામ કરતા હોવાનું જાણવા મળ્યુ છે. બીજા બનાવમાં કોઠારિયા રોડ પર હુડકો કવાર્ટરમાં રહેતા અમિતભાઇ રમણીકભાઇ પીઠડીયા નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા. ત્યારે હૃદયરોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા. જયા તેમનુ મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

બીજા બનાવમાં રાજકોટના પેડક રોડ પર શિવ સૃષ્ટિ પાર્કમાં રહેતા પરિવારની જસ્બીબેન અંકિતભાઇ રામાણી નામની ૭ મહિનાની બાળકી અને રૈયાધારમાં રહેતા વિજયભાઇ સમેચાના ૨૦ દિવસના માસુમ બાળકનું બેભાન હાલતમાં મોત નીપજ્યુ હતું. બંન્ને બાળકના મોતથી બંન્ને પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના માંડાડુંગર સોસાયટીમાં યુવાનનો ગળાફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ

## ધ્રાંગધ્રા રહેતી બહેનને વિડીયો કોલ કરી ફાંસો ખાધો હોવાની જાણ કરી હતી

રાજકોટ,

રાજકોટ શહેરમાં આજીડેમ ચોકડીથી આગળ માંડાડુંગર સોસાયટી શેરી નં.૬માં રહેતાં ભુરાભાઇ મનુભાઇ સોનારા (ઉ.વ.૨૫) નામના યુવાને સાંજે ધ્રાંગધ્રા સાસરે રહેલી બહેન કાજલબેનને વિડીયો કોલ કરી ગળાફાંસો ખાઇ લેતાં બહેને ભાઇના ઘરે કોઇ ન હોઇ પડોશી-સગાને જાણ કરતાં તેઓ તુરત ઘરમાં ગયા હતાં અને ભુરાભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હાલ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.જાણવા મળ્યા મુજબ ભુરાભાઇ સાંજે સાડા પાંચેક વાગ્યસ ઘરે એકલો હતો ત્યારે તેણે ધ્રાંગધ્રા રહેતી બહેનને વિડીયો કોલ કર્યો હતો અને ચાલુ કોલમાં જ ફાંસો ખાતાં બહેને દેકારો મચાવ્યો હતો. ભુરાભાઇના માતા બિમાર હોઇ બહારના રૂમમાં હતાં. ભુરાભાઇના બીજા ભાઇ કામે ગયા હોઇ ઘરમાં કોઇ ન હોઇ તેણીએ આડોશી પાડોશી નજીકમાં રેહતાં સગાને ફોનથી જાણ કરતાં બધા દોડી આવ્યો હતાં. લટકી રહેલા ભુરાભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે ખસેડાયો હતો

ભુરાભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેના પિતા હયાત નથી. અગાઉ પણ તેણે આવુ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યુંગ હતું. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી

# સિન્ટેક્સ એ ભારતની સૌ પ્રથમ ૫૦ વર્ષની વોરંટી સાથે 'ઇટરનો' પાણીની ટાંકી લોન્ચ કરી

મુંબઈ,

ભારતની વિશ્વસનીય વોટર સ્ટોરેજ સોલ્યુશન્સ બ્રાન્ડ સિન્ટેક્સ એ આજે સિન્ટેક્સ ઈટરનો સિન્ટેક્સ ઈટરનો લોન્ચ કરવાની જાહેરાત કરી છે. નવી પેઢીની આ પાણીની ટાંકી શ્રેષ્ઠ ટકાઉપણું, સ્વચ્છતા અને લાંબા સમય સુધી ઉત્તમ કામગીરીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. ઉદ્યોગમાં પ્રથમ અને ભારતમાં આ પ્રકારની એકમાત્ર ૫૦ વર્ષની વોરંટી સાથે સિન્ટેક્સ ઈટરનો વિશ્વસનીયતા, સલામતી અને લાંબા ગાળાની નિશ્ચિતતાના નવા માપદંડો સ્થાપિત કરે છે. લોન્ચ અંગે વાત કરતાં યશોવર્ધન અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર, વેલસ્પન BAPL Ltd અને સિન્ટેક્સ, એ જણાવ્યું હતું, "સિન્ટેક્સઈટરનોનું લોન્ચિંગ ભારત માટે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વોટર સ્ટોરેજ સોલ્યુશન્સ વિકસાવવાની અમારી સફરમાં એક મહત્વપૂર્ણ પડાવ છે. સિન્ટેક્સમાં અમે હંમેશાં માનીએ છીએ કે સાચી નવીનતા એવા ઉત્પાદનો બનાવવામાં છે, જે લાંબા ગાળાનું મૂલ્ય, સલામતી અને વિશ્વાસ પ્રદાન કરે. ઈટરનોને આ જ વિચારધારા સાથે એન્જિનિયર કરવામાં આવી છે જેમાં શ્રેષ્ઠ સ્વચ્છતા માટે અદ્યતન Active Silver Technology અને અદ્વિતીય ટકાઉપણું સુનિશ્ચિત કરતી મજબૂત, હેવી-ડ્યુટી ડિઝાઇનનો સમન્વય કરવામાં આવ્યો છે. પાણીની સલામતી અને ટકાઉપણું વધુને વધુ મહત્વપૂર્ણ બની રહ્યા છે ત્યારે સિન્ટેક્સ ઈટરનો આ બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એક વિશ્વસનીય, સ્વચ્છ અને લાંબા સમય સુધી ટકી રહેતું સોલ્યુશન પ્રદાન કરે છે, જેના પર ગ્રાહકો પેઢીઓ સુધી ભરોસો રાખી શકે છે.

# રાજકોટમાં ત્રણ સ્થળે જુગાર રમતી ચાર મહિલા સહિત ૨૦ ઝડપાયા

## વામ્બે આવાસ, અવધપાર્ક અને મહેશ્વરી પાર્કમાં જુગારના દરોડા

રાજકોટ. તા.૧૩

શ્રાવણ માસની પૂર્વ સંધ્યાએ શહેર પોલીસની અલગ અલગ ટીમોએ વામ્બે આવાસ, અવધપાર્ક અને મહેશ્વરી પાર્કમાં દરોડા પાડી જુગાર રમતી ચાર મહિલા સહિત ૨૦ શખ્સોને ઝડપી લઈ રોકડ ૨૮૪૧૫ની મત્તા કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત મુજબ એલસીબી ઝીન-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર વામ્બે આવાસ ક્વાર્ટરમાં જુગાર ધામ ચાલી રહ્યું છે, જે બાતમીના આધારે એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી જુગાર રમાડનાર ચંદ્રદીપ મહેશ મહાલીયા, ધર્મેન્દ્રધસ રાઘવદાસ સોલંકી (રાજે-વામ્બે આવાસ યોજના ક્વાર્ટર), વિમલ ભુપત ખેર (રહે-નવલનગર શેરી ન-૫), તુષાર રઘુનાથ મોરે (રહે-એસઆરપી કેમ્પ ગ્રુપ-૧૩), હેતલબા નરેન્દ્રસિંહ ઝાલા (રહે-પુનિતનગર વૃંદાવન સોસાયટી), ખમ્માબા મહાવીરસિંહ સરવૈયા (રહે-સતનામ સોસાયટી, પુનિતનગર રોડ), દિવ્યાબેન વિરલ સોંડાગર (રહે-સતનામ સોસાયટી), નફીસાબેન મહેબૂબ અજમેરી (રહે-હુડકો ચોકડી પાસે વિનોદના ક્વાર્ટર)ને ઝડપી લઈ રોકડ ૧૬,૨૦૦ની મતા કબ્જ કરી હતી.

જા દરોડામાં બી ડિવિઝન પોલીસે મોરબી રોડ પર માહેશ્વરી પાર્કમાં રહેતા રાજેશ હરગોવિંદભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીનપતીનો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મકાન માલીક રાજેશ હરગોવિંદ પરમાર, અશોક મોહન પરેસા (રહે-સંત કબીર રોડ શક્તિ સોસાયટી શેરી નં-૯), ધર્મેશ ચતુર હિરાણી (રહે-કુવાડવા રોડ, અંબિકા પાર્ક શેરી નં-૧), અશોકલ ભીખા પરમાર (રહે-પેડક રોડ, આર્યનગર), વેલજી હધુ ચૌહાણ (રહે-રત્નદીપ સોસાયટી, પેડક રોડ), નવીન વીરા પરમાર (રહે-તિરુપતિ સોસાયટી, ગ્રીનલેન્ડ ચોકડી) તમામને ઝડપી લઈ રોકડ ૧૧૨૦૫ની મત્તા કબ્જે કરી હતી.

ત્રીજા દરોડામાં પ્ર. નગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, રેલનગરમાં અવધપાર્કમાં આવેલા મકાનમાં રહેતો સુનિલ નાથાભાઈ ટીમાણીયા પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડી રહ્યો છે, જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મકાન માલીક સુનિલ નાથા ટીમાણીયા, દિનેશ જેઠા પરમાર (રહે-રૈયાધાર), બાબુ દેવજી પરમાર (રહે.ધરમનગર ક્વાર્ટર, બાલાજી હોલ પાસે), દેવજી વાઘજી ચૌહાણ (રહે-અવધ પાર્ક શેરી નં-૫), કાંતિ દાના જાદવ (રહે-રૈયાધાર), પ્રવિણ ભીમજી વેડવા (રહે-રૈયાધાર)ને ઝડપી લઈ રોકડ રૂ. ૧૧૦૧૦ ની મત્તા કબ્જે કરી હતી.

# રાજકોટના ગાંધીગ્રામમાં કુખ્યાત બૂટલેગરના પુત્રનો પરિવાર પર હુમલો : દંપતિ સહિત ત્રણને ફટકાર્યા

રાજકોટ,

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં મોડીરાત્રીના કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજનના પુત્ર જેનીશ આણી ટોળકીએ ધમાલ મચાવી દંપતિ અને તેના પુત્રને મારકૂટ કરી વાહનોમાં તોડફોડ કરી હતી.ગાંધીગ્રામ શેરી નંબર ૬-બી, શુભમ સાડી સેન્ટર પાસે રહેતા ભાવનાબેન સંજયભાઈ બાબરીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ,કશ્યપ રાજુભાઈ સોલંકી અને તેની સાથે આવેલા અજાણ્યા ત્રણ ઈસમો સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૧૨ ઓગસ્ટના રોજ સાંજે ફરિયાદી પોતાના ઘરે હાજર હતા ત્યારે બહારથી દેકારો સંભળાતા તેઓ બહાર નીકળ્યા હતા.

આ સમયે કશ્યપ સોલંકી અને તેની સાથેનો એક અજાણ્યો શખ્સ જાહેરમાં ગાળો બોલી રહ્યા હતા. ફરિયાદીએ આ કૃત્ય બદલ ઠપકો આપતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ ફરિયાદીની મોટરસાયકલને ધક્કો મારીને તોડફોડ કરી હતી અને ફરિયાદીની દીકરી વિશે પણ અભદ્ર ટિપ્પણીઓ કરી હતી. આરોપીઓએ ફરિયાદીના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ દરમિયાન ફરિયાદીનો પુત્ર શુભમ ત્યાં આવતા અજાણ્યા શખ્સે તેને મોઢા પર મુક્કા મારી ઈજા પહોંચાડી હતી.

આ ઘટના બાદ આરોપીઓ થોડીવાર માટે ત્યાંથી જતા રહ્યા હતા, પરંતુ થોડી જ વારમાં કશ્યપ સોલંકી તેના સાગરીતો સાથે પરત ફર્યો હતો. આ વખતે આરોપીના હાથમાં લોખંડનો પાઈપ હતો. ફરિયાદીના પતિ સંજયભાઈ અને પુત્ર શુભમને પણ આરોપીઓએ નિશાન બનાવ્યા હતા. ફરિયાદી જ્યારે પોતાના પુત્રને છોડાવવા વચ્ચે પડ્યા ત્યારે આરોપી કશ્યપે તેમના પર પણ લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો.આરોપીઓએ ફરિયાદી, તેમના પતિ અને પુત્રને પીઠના ભાગે લોખંડના પાઈપના ફટકા મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી.સમગ્ર મામલે આખરે ૧૦૮ ઈમરજન્સી સેવા અને પોલીસની મદદ લેવામાં આવી હતી. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્ત ભાવનાબેનને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાની ગંભીરતાને લઈ પીઆઈ હર્ષાબા ગઢવી પીએસઆઈ ગોહિલ સહિતના સ્ટાફે ત્રણ ટીમો બનાવી કુખ્યાત જેનીશ મહાજન,ભાવિક પટેલ અને કશ્યપ સહિતનાની ભાવનાબેનની ફરિયાદ પરથી ગુનો નોંધી ફરાર એક શખસની શોધખોળ આદરી છે.ઉલ્લેખનિય છે કે કુખ્યાત જેનીશ મહાજન આણી ટોળકીએ તાજેતરમાં જ નશામાં ધૂત થઈ મોડી રાત્રીના ગાંધીગ્રામ પોલીસ મથક પર સોડા બોટલોના ઘા કર્યા હતા.

# વેરાવળના કે. સી. સી. મેદાન ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું રિહર્સલ કરાયું

## પરેડ, સાંસ્કૃતિક કૃતિઓ સહિત વિવિધ કાર્યક્રમોનું રિહર્સલ કરાયું : કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં



મિતેશ પરમાર, વેરાવળ,

જિલ્લા કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં વેરાવળના કે.સી.સી. મેદાન ખાતે ૧૫મી ઓગસ્ટના રોજ થનાર સ્વાતંત્ર્યદિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં રિયલટાઈમ રિહર્સલ યોજાયું હતું. જિલ્લા કક્ષાની ઉજવણીની પૂર્વતૈયારીના ભાગરુપે આજે સવારે કલેક્ટરશ્રી અને જિલ્લા પોલીસવડા શ્રી જયદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કે.સી.સી મેદાન ખાતે પરેડ સહિતના કાર્યક્રમોનું. રિહર્સલ કરવામાં આવ્યું હતું. વેરાવળના કે.સી.સી મેદાનમાં કલેક્ટરશ્રીએ પરેડ નિરીક્ષણ, પોલીસ પ્લાટૂન દ્વારા સલામી સહિત વિવિધ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની થીમ પર રજૂ કરાયેલા અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યાં હતાં.કલેક્ટરશ્રીએ કાર્યક્રમો અને ઉજવણીની તૈયારીઓને અનુલક્ષીને સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીશ્રીઓને માર્ગદર્શિત કરી રાષ્ટ્રીય પર્વની ઉત્સાહભેર ઉજવણી થાય તે માટે માર્ગદર્શિત કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે, દેશભક્તિસભર રાષ્ટ્રીય પર્વ નાગરિકો માટે યાદગાર બની રહે તે રીતે ઉજવણી માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સજ્જ થયું છે. નાગરિકો સરળતાથી ધ્વજવંદન પરેડ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીશકે એ રીતે વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રીએ ૧૫મી ઓગસ્ટના જિલ્લાકક્ષાના રાષ્ટ્રીય પર્વની આ ઉજવણીમાં સહભાગી થવા જિલ્લાનીવિવિધ સંસ્થાઓ સાથે વેરાવળના નગરજનોને અપીલ કરી છે.

## ઘરના ધાબા પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવી નાગરિકોએ તિરંગા બાઈક રેલીનો ઉત્સાહ વધાર્યો



મિતેશ પરમાર, વેરાવળ,

૧૫મી ઓગસ્ટને લઈને સમગ્ર રાજયમાં રાષ્ટ્રભક્તિનો માહોલ છવાયેલો છે. આ માહોલ વચ્ચે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા એક ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તિરંગા બાઈક રેલી જે પણ માર્ગ પરથી પસાર થઈ ત્યાં નાગરિકોએ તેમનું હાથ હલાવી તેમજ પુષ્પવૃષ્ટિદ્વારા અભિવાદન કર્યું હતું.

આ રેલી જ્યારે સોમનાથ-બાયપાસ રોડ પરથી પસાર થઈ ત્યારે રોડની નજીક આવેલી સોસાયટીના ધાબા પરથીઅમુક નાગરિકોએ રાષ્ટ્રધ્વજ ફરકાવી બાઈક રેલીનો ઉત્સાહ વધાર્યો હતો. તો અમુક નાગરિકોએ ધાબા પરથી બાઈક પરપસાર થતાં પોલીસ અને નાગરિકોના સૂરમાં સૂર પૂરાવી 'ભારત માતા કી જય...', 'વંદે માતરમ' ના નારા લગાવ્યા હતાં.

જિલ્લામાં છેલ્લા બે દિવસથી આયોજીત રાષ્ટ્ર પ્રત્યેના સન્માન વ્યકત કરવા આયોજીત થયેલી રેલીના કારણે સમગ્રવેરાવળ શહેરમાં રાષ્ટ્રભક્તિનો માહોલ છવાયો છે.







